# એકમેકને ઓળખવાનો જ્ઞાતિ સેતુ


વર્ષ-૨ ● અંક-૫

જુન / જુલાઈ – ૨૦૦૭

☆

**તંત્રી**

હંસરાજ કંસારા

☆

**તંત્રી મંડળ**

અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)

કુ. એકતા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)

☆

**વ્યવસ્થાપક સમિતિ**

શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૪૦ ૩૩૪૪૦)

પ્રશાંત બીજલાની

જયમીન જે. સોની

સૂર્યકાંત સોની

તુલસીદાસ કંસારા

☆

**માનદ્ સંયોજક**

પી. જી. સોની (ભુજ)

☆

**મુખપૃષ્ઠ ડિઝાઈન**

શ્રી જયેશ ઘડીયાળી

પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.

☆

**કાર્યાલય : ધવલ જ્વેલર્સ**

૧૪, ચાંલ્લા ઓળ,

માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮

☆

**મૂલ્ય : રૂા. ૨૦/-**

**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**

☆

**E-mail** : gnatisetu@rediffmail.com


'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી....

વહાલા વાંચકોને અષાઢી બીજ નવ વર્ષ શુભકામના. હર્ષની વાત એ છે કે આ વર્ષે કચ્છમાં પણ વર્ષાનો આરંભ થઈ ગયો છે.

તાજેતરમાં આપણા સમાજની એક દીકરીએ અત્યંત મહત્ત્વની સિધ્ધિ મેળવી. દીકરીનું નામ છે નેહા. એણે દસમા ધોરણમાં સમસ્ત ગુજરાતમાં પ્રથમ દસમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેને સમસ્ત કચ્છી પ્રજાએ ગૌરવરૂપ ગણાવ્યું છે કારણકે કચ્છના ઇતિહાસમાં આ સ્થાન પ્રાપ્ત કરનાર, કચ્છની આ પ્રથમ બાળા છે. એ જ રીતે અમદાવાદમાં રહી અભ્યાસ કરતી માનકુવાની દીકરી કુ. જાગૃતિ સોનીએ B.B.A.ના અભ્યાસક્રમના બીજા વર્ષમાં સમગ્ર ગુજરાતમાં યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે.

આ સિધ્ધિ આપણા સમાજ માટે ગૌરવરૂપ છે. આપણો સમાજ અન્ય સમાજોની સંખ્યાની દૃષ્ટિએ પ્રમાણમાં નાનો છે,વ્યવસાયની દૃષ્ટિએ કારીગર ગણાય છે, આર્થિક દૃષ્ટિએ સંપન્ન નથી તેવું મનાય છે અને એ જ માન્યતા શિક્ષણ અને અન્ય ક્ષેત્રે પ્રવર્તે છે. પરંતુ એક સામાન્ય મધ્યમ વર્ગનાં પરિવારમાં, સાધારણ સાધનો છતાં કુ. નેહાએ આ અસાધારણ સિધ્ધિ હાંસલ કરી છે. એ સૂચવે છે કે, ના, આપણે કોઈપણ ક્ષેત્રે પછાત નથી.

આવા અનેક બાળકો, યુવકો અને યુવતીઓ દેશ વિદેશમાં આપણા સમાજનું તેમજ વતનનું નામ રોશન કરતા જ હશે. પરંતુ ત્યારે કદાચ એમને યોગ્ય પ્રસિધ્ધિ મળી ન હોય. જો કે હવે એમાં ધરમૂળ ફેરફારો દૃષ્ટિગત થાય છે, જેના કેટલાક પ્રાથમિક સંકેતો પ્રોત્સાહક છે. 'સેતુ'નું પ્રકાશન આરંભ થયા બાદ, ભુજ તેમજ અન્ય સ્થળોએ જ્ઞાતિ પ્રમુખશ્રી તેમજ આગેવાનોશ્રી તરફથી પ્રતિભાસંપન્ન કે સિધ્ધિ પ્રાપ્ત, યુવા-યુવતીઓની વિગતો મોકલાય છે, જેને 'સેતુ' સગૌરવ - પ્રકાશિત કરે છે. અમને જણાવતાં હર્ષ થાય છે કે કુ. નેહાની સિધ્ધિની સર્વપ્રથમ લેખિત જાણ અમને ભુજ જ્ઞાતિના આપણા સન્માનીય પ્રમુખશ્રી તરફતી તરત જ મળેલી, જે એમનો જ્ઞાતિપ્રેમ તેમજ પ્રગતિશીલ વિચારસરણીનું દ્યોતક છે. એટલું જ નહીં, કુ. નેહાની સફળતા બિરદાવતા બીજા અનેક સંદેશા પણ અમને મળ્યા છે, જે નેહા, તેમજ એમનાં અધ્યાપિકાની વિગતો સાથે અલગથી આપેલા છે.

આ સંદેશા આપણા સમાજનાં વડીલોનો શિક્ષણક્ષેત્રે અભિગમ સૂચવે છે. અત્રે એ કહેવું પણ અસ્થાને નથી કે આપણી ભુજ જ્ઞાતિ અને એને પગલે બીજા અનેક સ્થળોના આપણા સમાજોએ છેલ્લા ઘણા વર્ષોથી કેળવણી ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કર્યું છે, તેનાં સીધાં કે આડકતરાં સુફળ આપણને નેહા તથા જાગૃતિ જેવી અનેક બાળાઓમાં જોવા મળે છે. નેહાની સિધ્ધિ એક અન્ય સામાજીક બાબતે પણ આપણા સમાજની પ્રગતિશીલતાનું દ્યોતક છે અને તે એ છે કે પરંપરાગત રીતે આપણા સમાજમાં પુત્ર અને પુત્રી વચ્ચે કોઈ તફાવત નથી. બલકે એમ કહી શકાય કે, આપણી ધાર્મિક પરંપરાને અનુરૂપ દીકરી દેવીસ્વરૂપ મનાય છે અને પરાપૂર્વથી મહિલાઓનું યોગ્ય સન્માન થાય છે. શું આવા સુસંસ્કૃત સમાજને આપણે પોતે જ પછાત ગણશું? આશા છે, આ સિધ્ધિને આપણે સમાજના આ પરિપ્રેક્ષ્યમાં ઉજાગર કરશું. અસ્તુ.

| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |




આજથી ૨૦ વર્ષ પહેલાં સૌ પ્રથમ અમદાવાદમાં ગાર્ડન સ્ટુડિયોની
કલ્પનાને સાકાર કરી તાદષ્ય રૂપમાં પ્રારંભ કરનાર એક અને એક માત્ર એક

**ભાઈલાલભાઈ ટોકરશી બારમેડા**
**જયેશભાઈ ભાઈલાલભાઈ બારમેડા**

**જે અત્યારના ફોટોગ્રાફી સ્ટુડીયો જગતના પ્રેરણારૂપ પથદર્શક છે.**

**બદલાતા યુગ અને ફોટોગ્રાફી ટેકનિકની પસંદગીને પ્રાધાન્ય આપીને ખૂબજ વિવિધતાપૂર્ણ લોકેશન, ટેકનીક અને અદ્યતન કેમેરા - કરામતનો કાબેલીયતપૂર્ણ ઉપયોગ કરીને લોકોની જીવંત તસ્વીરને પૂર્ણપણે સર્જન કરે છે.**

**મિલન સિનેમા સામે, સરસપુર, અમદાવાદ-૧૮.**
**ફોન : (ઓ) ૨૨૧૩૬૫૮૨ (ઘર) ૨૨૮૧૨૮૨૭**

# ખરેખર આપણો ધર્મ શું છે?

**• સીમા એન. પોમલ - ભુજ •**

ધર્મ શું છે? બધા જ મનુષ્યો દુનિયામાં ધર્મને અનુસરે છે. કોઈ અલ્લાહની બંદગી કરે છે તો કોઈ ઈશ્વરની પ્રાર્થના કરે છે. બધાનો હેતુ તો એક જ છે - ભગવાનને પામવાનો. પરંતુ રીત અલગ અલગ છે. ભજન, કીર્તન, દાન-પુણ્ય, પૂજાપાઠ — આ બધું કરવાથી શું આપણને ભગવાન મળશે? શું તે જ સાચી ભક્તિ છે? ખરેખર તો ભગવાન દરેક મનુષ્યના મનમાં વસેલો છે. તેને મેળવવા માટે ખરેખર જરૂર છે ત્યાગની, બીજાને મદદરૂપ થવાની. કોઈ દુખિયારી વ્યક્તિનો સહારો બનવાની. જેટલો સમય તમે પૂજાપાઠમાં રોજ વિતાવો છો, તેટલો સમય તમે કોઈ એવી વ્યક્તિને આપો કે જેને ખરેખર તમારી જરૂર છે.

નાના નાના ભૂલકાઓની આજે આપણે આ દેશમાં જે સ્થિતિ જોઈએ છીએ તે ખરેખર ખૂબ જ દયનીય છે. ગાય, કૂતરા, પંખી જેવા અબોલ પ્રાણીઓની મદદ કરો, રસ્તે રખડતા પાગલોને બે ટાઈમ બને તો જમાડો. વિકલાંગોની મદદ કરો. ગરીબોની મદદ કરો. કોઈ એવા વિદ્યાર્થીની મદદ કરો કે જેને ખરેખર શિક્ષણની જરૂર છે.

તમે મંદિર નિર્માણ માટે કે સંસ્થાઓમાં દાન આપો છો. આવી બધી જ જગ્યાએ દાન આપો છો તેનો ફક્ત ૧૦મો ભાગ ગરીબોની મદદ કરવામાં વાપરો. તમે વિચારી નહીં શકો કે તમે કેટલા મનુષ્યોની મદદ કરી શકશો! આર્થિક રીતે મદદ ન થઈ શકે તે શારીરિક રીતે તો કરી જ શકે. આપણે કોઈને તન-મનથી મદદ કરી શકીએ. મૂળ વાત એ જ છે કે ભગવાનને જો મેળવવા હોય તો તેમની સાથે મનથી સંબંધ બાંધવા પડશે. એવું કર્મ કરવું પડશે કે જે આપણો ધર્મ બને.

તો આપણો સમાજ પોતાની બચતમાંથી ફક્ત ૧૦% જ બચાવે. જે કોઈનો એક ટાઈમનો રોટલો બની શકે છે. કોઈ અંધની આંખો બની શકે છે. કોઈપણ નાના બાળકનું ભવિષ્ય બની શકે છે. પછી જ ધર્મ એ ખરેખર સાચો ધર્મ બની શકે છે. અને પછી જ આપણે સાચી ભક્તિ કરી લેખાશે.

# સુભાષિત ચિંતન

**• કુ. એકતા કટ્ટા - અંજાર •**

*कर्मायतं फलं पुंसां बुद्धिः कर्मानुसारिणी ।*
*तथापि सुधिया भाव्यं सुविचार्यैव कुर्वता ॥*

*ભર્તૃહરિ રચિત નીતિશતકમાંથી*

અર્થાત્ "મનુષ્યોની સફળતા કર્મને આધીન છે. બુધ્ધિ પણ કર્મ મુજબની બની જાય છે. છતાંય બુધ્ધિશાળી મનુષ્યે સારી રીતે વિચારીને જ કાર્ય કરવું જોઈએ."

ઉપરોક્ત સુભાષિત શ્લોકમાં વિચારશક્તિની મહત્તા પ્રકટ કરવામાં આવી છે. માણસ જેવું કર્મ કરે છે, તેવું જ ફળ ભોગવે છે. લીમડાનો છોડ વાવી આંબાનો ઝાડ નથી મેળવી શકતો. તેથી ઈચ્છીત સફળતા માટે પ્રબળ કાર્યશીલતા હોવી જોઈએ. માણસે કરેલા તમામ કર્મો - કાર્યોના આધારે જ તેના મન - બુધ્ધિ - સ્વભાવનું નિર્માણ પણ થાય છે. આ પ્રમાણે તો માણસનું ઘડતર જ તેના કર્મોના આધારે થાય છે.

જેવા કર્મો તેવો જ તેનો કર્તા (માણસ) હોય છે. કયા અને કેવા કર્મો કરવા તે કર્તાને આધીન છે. ઈશ્વરે સૃષ્ટીનાં પ્રત્યેક જીવમાં આહાર, નિંદ્રા, ભય અને મૈથુન આ ચાર આધારભૂત ગુણો મૂકેલા છે. પણ માત્ર માણસને પ્રત્યેક જીવથી શ્રેષ્ઠત્તમ બનાવતો ગુણ 'વિચારશક્તિ' આપેલ છે. આ વિચારશક્તિનાં યોગ્ય ઉપયોગ દ્વારા તે શ્રેષ્ઠ-અશ્રેષ્ઠ, યોગ્ય-અયોગ્ય વિગેરે કર્મોનો તાગ મેળવી શકે છે. કોઈપણ કર્મ ફળ રહિત તો નથી જ હોતું પરંતુ ફળની ગુણવત્તા કર્મ પર આધારિત હોય છે. દા.ત. છોડનું વાવેતર કરવું તે કર્મ છે. તેનું ઝાડ બનવું, છાંયડો, હવા અને ફળ વિગેરે આપવું તેનું ફળ છે. માણસ જો લીમડાનું છોડ વાવશે તો તેનાં ફળરૂપે છાંયડો અને હવા મળશે. તેનાં ફળ જરૂર પડતાં દવા તરીકે ખાવા જ પડે તો તે મોઢું કડવું કરી દેશે. તેનાથી વિપરીત આંબાનો છોડ વાવતાં તેના ઝાડથી છાંયડો, હવા મળશે, તેના ફળ પણ મીઠા હશે. વિચારશક્તિ દ્વારા કરેલા કર્મની સફળતાનાં ફળ ફળ મીઠા હોય છે, સર્વશ્રેષ્ઠ હોય છે. બુધ્ધિમાન માણસ હંમેશ પોતાની વિચારશક્તિનો ઉપયોગ કરી કર્મ કર્મ દ્વારા પોતાનું ઘડતર ઈચ્છા મુજબ પોતે જ કરી શકે છે.

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

## હાર્દિક અભિનંદન



**કુ. નેહા હસમુખભાઈ બગ્ગાએ**
પ્રાપ્ત કરેલ સિધ્ધિથી
સમસ્ત મારૂ કંસારા સોની જ્ઞાતિને
ગૌરવ મળેલ છે.
ચિ. નેહાને હાર્દિક અભિનંદન સહ
ભવિષ્યમાં વધારે ઉજ્જ્વળ
કારકીર્દિ માટે શુભેચ્છા.

**શ્રી પ્રભુદાસ ખેતશી સોની**

**પ્રમુખશ્રી**

**શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ**

# કુ. નેહા બગ્ગાની ઝળકતી સિધ્ધિ



માર્ચ-૨૦૦૭માં ગુજરાત મા. શિક્ષણબોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં માતૃછાયા શાળાની વિદ્યાર્થિની નેહા હસમુખભાઈ બગ્ગાએ ૬૫૦માંથી ૬૧૦ (૯૩.૮૫ ટકા) માર્કસ મેળવી સમગ્ર બોર્ડમાં દસમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. નેહાને ગણિત અને વિજ્ઞાન ટેક્નોલોજીમાં પૂરેપૂરા ૧૦૦ ગુણ, સંસ્કૃતમાં ૯૬, સમાજવિદ્યા ૯૪, અંગ્રેજીમાં ૯૦ અને ગુજરાતીમાં ૮૩ ગુણ મળ્યા છે. કુ. નેહાના પિતા હસમુખભાઈ એસ.ટી. નિગમના બસ કંડક્ટર તરીકે ફરજ બજાવે છે. કુ. નેહા એની સફળતાનો યશ એના માતા-પિતા, એની શાળા, અધ્યાપકો અને વિપશ્યના કેન્દ્રમાં શીખેલ ધ્યાન માનતાને આપે છે. કુ. નેહાની ઈચ્છા તબીબી અથવા બાયોટેક્નોલોજી ક્ષેત્રે જવાની છે. નેહાએ વિપશ્યના ધ્યાન પર ભાર મૂક્યો હતો. તેણે કહ્યું કે, તેનાથી અભ્યાસ પ્રત્યે એકાગ્રતા વધે છે. માતૃછાયા પરિવારના મોભી માણેકલાલભાઈ શાહ, નલીનીબેન શાહ અને આચાર્યા જ્યોતિબેન ચાંદવાણીએ નેહાની સિદ્ધિને બિરદાવી હતી.

## કુ. નેહાની સિધ્ધિની સરાહના કરતા આપણા શ્રેષ્ઠીઓના સંદેશાઓનો સંક્ષેપ

**અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ - ભુજ**

"કુ. નેહાએ આપણા સમાજનું ગૌરવ વધાર્યું છે. હું એમના સુજ્ઞ માતા-પિતા, આપણા સમસ્ત જ્ઞાતિજનો અને કુ. નેહાની શાળાના પ્રજ્ઞાવાન અધ્યાપકોના કુ. નેહાની સિધ્ધિ માટે આપેલા યોગદાનની કદર કરૂં છું, સમાજ વતી એમનું અભિવાદન કરૂં છું અને હાર્દિક અભિનંદન પાઠવું છું.

***પ્રભુદાસ ખેતશીભાઈ સોની - પ્રમુખ, ભુજ***

★ આપણા અલ્પસંખ્યક સમાજની આ નાનકડી બાળા નેહા પરમારે, તદ્દન સાધારણ સંયોગોમાં પણ ખંતપૂર્વક અભ્યાસ દ્વારા દસમા ધોરણમાં સમસ્ત ગુજરાતમાં પ્રથમ દસમાં પોતાનું સ્થાન મેળવી, હીર ઝળકાવ્યું તે બદલ હાર્દિક અભિનંદન. મને વિશ્વાસ છે કે કુ. નેહા સિધ્ધિનાં આવા અનેક સોપાન સર કરશે.

***હરીલાલ લખમશી વીસા પરમાર - ઉપપ્રમુખ***

★ કુ. નેહાએ શિક્ષણ ક્ષેત્રે સમસ્ત ગુજરાતમાં દસમું સ્થાન પ્રાપ્ત કર્યું તે બદલ કુ. નેહા અને એના પરિવારના સમસ્ત સભ્યો તેમજ ભુજ જ્ઞાતિના જ્ઞાતિજનોને હાર્દિક અભિનંદન.

***સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ - મહામંત્રી***

★ નેહા..., તેં માત્ર બગ્ગા પરિવાર કે ભુજ જ્ઞાતિ જ નહીં સમસ્ત સમાજ અને કચ્છને ગૌરવ અપાવ્યું છે. અભિનંદન.

***અતુલ સોની, માનદ્ મંત્રી - અમદાવાદ જ્ઞાતિ તથા મહામંડળ***

★ એસ.એસ.સી. બોર્ડમાં પ્રથમ દસમાં સ્થાન મેળવીને જે સિધ્ધિ મેળવેલ છે તેના માટે ખૂબ અભિનંદન. તેજસ્વી વિદ્યાર્થીઓને આગળ વધવા સમાજે શક્ય તમામ રીતે પ્રોત્સાહન આપવું જોઈએ.

***ભરતભાઈ ટી. સોની, પ્રમુખ, શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની ઉત્કર્ષ મંડળ - ગાંધીધામ***

★ કુ. નેહા બગ્ગાએ ધોરણ-૧૦માં એસ.એસ.સી. બોર્ડમાં દસમું સ્થાન તથા કચ્છ જીલ્લા લેવલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી અપ્રતિમ સિધ્ધિ હાંસલ કરેલ છે. તેણીએ પોતાના કુટુંબનું, જ્ઞાતિ અને સમગ્ર સમાજનું ગૌરવ વધારેલ છે અને તે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.કુ. નેહાને આપણા બધા તરફથી તેમજ મહામંડળ તરફથી યોગ્ય રીતે અભિનંદન પાઠવીએ તેમજ તેણીનું મહામંડળ તરફથી સન્માન કરીએ તેવી લાગણી સાથે...

***કાંતિલાલ વી. કંસારા - રાજકોટ***

★ I have just read in "Kachchh Mitra" that Neha has secured first rank in Kachchh and 10th in SSC Board Exams... I request you to convey my sincere congratulations to her in my personal capacity as well as on behelf of our Samast Maru Kansara Soni Gnati Mandal. We are extremely happy to know her performance which is of course a rare in our Gnati; and looking forward to reciprocate equally to her achievement.

***Rasikbhai Mahicha***

★ કુ. નેહાની સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવે તેવી શિક્ષણ ક્ષેત્રે સિધ્ધિ ખરેખર અપૂર્વ છે. આપણા સમાજની આવી પ્રતિભાસંપન્ન બાળાઓનું આપણે સૌએ ગર્વપૂર્વક સન્માન કરવું જ જોઈએ. કુ. નેહાને મુંબઈ જ્ઞાતિ સમાજના હાર્દિક અભિનંદન. ***રસીકભાઈ મંજલવાળા, મુંબઈ જ્ઞાતિ પ્રમુખ***

★ કુ. નેહા બગ્ગાની સફળતાથી સમાજને ગૌરવ પ્રાપ્ત થયું છે. સમગ્ર અમદાવાદ જ્ઞાતિ વતી હું તેમને અભિનંદન આપું છું. અમદાવાદ જ્ઞાતિ તરફથી તેમને સન્માનપત્ર અને પ્રોત્સાહક પુરસ્કાર રૂપે રૂા. ૧,૦૦૧/- આપવામાં આવશે.

***મનુભાઈ કોટડીયા, પ્રમુખશ્રી - અમદાવાદ જ્ઞાતિ***

★ કુ. નેહાની સફળતા આપણા સમાજ માટે મોટી સફળતા છે. અંજાર જ્ઞાતિ વતી તેમનું યોગ્ય સન્માન કરવામાં આવશે. તેમને ખૂબ અભિનંદન. ***શિવલાલ શામજી સોની - અંજાર જ્ઞાતિ પ્રમુખ***

★ કોઈ પણ ક્ષેત્રે સિધ્ધિ મેળવવા માટે અખૂટ સાધનો નહીં પરંતુ દ્રઢ સંકલ્પ આવશ્યક છે. કુ. નેહાનું માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે પ્રથમ દસમાં સ્થાન મેળવવું આ વાતનું દ્યોતક છે. કુ. નેહાનાં માતા-પિતાના, એના અધ્યાપકોના અને એના પોતાના દ્રઢ સંકલ્પે જ આ સિધ્ધિ એને હાંસલ થઈ છે. અને એના પ્રથમ સોપાને મળેલી આ સિધ્ધિ એના સંકલ્પને વધુ દ્રઢ બનાવશે અને નિ:શંક અંતિમ લક્ષ્યને હાંસલ કરશે. કુ. નેહાને હાર્દિક અભિનંદન.


***હંસરાજ કંસારા, મુખ્યતંત્રી 'કચ્છશ્રુતિ' અને 'જ્ઞાતિસેતુ'***

શુભેચ્છા સહ...

સોની બાબુભાઈ લખમશી (મનફરાવાળા)

# સોની પરસોત્તમ લખમશીની કું.

સોનાના દાગીના બનાવનાર તથા વેચનાર



## સુરેશ એન્ડ કું.

ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

ગંગા બજાર, અંજાર (કચ્છ) - ૩૭૦ ૧૧૦.

ફોન : (દુકાન) ૦૨૮૩૬-૨૪૩૩૪૨, (ઘર) ૨૪૨૩૩૯

## હરિ ઓમ જ્વેલર્સ

૧૨/બી, પ્લોટ નં.-૨૮૨, સોની બજાર, ગાંધીધામ. ફોન : ૦૨૮૩૬-૨૩૦૪૨૪

# કુ. નેહા બગ્ગાની મુલાકાત

• શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ પરમાર - ભુજ •

*સેતુની વિનંતીને માન આપી મહામંડળના સંગઠન મંત્રી શ્રીમતી જયશ્રીબેન પરમાર કે જેમની શૈક્ષણિક કારકીર્દિ ખૂબ પ્રતિભાસંપન્ન રહી છે અને જે હાલ માતૃછાયા વિદ્યાલયમાં અધ્યાપિકા છે, એમણે નેહાની મુલાકાત લીધેલ. જેનો અહેવાલ અત્રે પ્રસ્તુત છે.* *– મુખ્ય તંત્રી*

***પ્રશ્ન : સૌથી વધુ પ્રિય વિષય?***

*જવાબ :* વિજ્ઞાન.

***પ્રશ્ન : ગુજરાતીમાં બીજા વિષયોની સરખામણીમાં ઓછા માર્કસ (૮૩) આવવાનું કારણ?***

*જવાબ :* પેપર અધૂરૂં રહી ગયું. નિબંધમાં જોઈએ તેટલો સારો દેખાવ. ૩ પાના લખાવા જ જોઈએ - ન લખી શકાયા. માત્ર દોઢ પાનાનો નિબંધ લખી શકાયો.

***પ્રશ્ન : ૧૦ની બંને પ્રિલી.નું પરિણામ અને આગળ ધોરણ ૮-૯માં તમારૂં પરિણામ?***

*જવાબ :* ૧૦મા ૧લી પ્રિલી.માં ૯૦% અને બીજીમાં ૯૧.૬૭% ધોરણ ૮-૯માં ૧થી ૩ નંબરે કેમકે સ્પર્ધકોની સંખ્યા પણ ખૂબ વધારે. પ્રાથમિક કક્ષાએ (એન્કરવાલા - ભુજ)માં કાયમ પ્રથમ નંબર જ.

***પ્રશ્ન : આટલી ઉચ્ચ સિધ્ધિ માટે કોને કોને યશભાગી ગણશો?***

*જવાબ :* વ્યક્તિગત મહેનત. સખત પુરૂષાર્થની સાથોસાથ મમ્મી-પપ્પા, સ્કુલના શિક્ષકો, ટ્યુશન ક્લાસ અને સાથે સાથે ઈશ્વર-શ્રધ્ધા, આત્મવિશ્વાસ તો ખરો જ!

***પ્રશ્ન : તમારા સ્કૂલનું નામ.... ઉચ્ચતર સિધ્ધિ મેળવવામાં કેટલે અંશે યશભાગી? કોઈ આદર્શ?***

*જવાબ :* માતૃછાયા - ભુજ. માત્ર રાષ્ટ્રીય જ નહીં, આંતરરાષ્ટ્રીય કક્ષાએ (રમતગમત) દરેક ક્ષેત્રમાં ટોપ રહેનારી શાળા... શિક્ષકો, ભૌતિક સુવિધાઓ, આચાર્યા શ્રી જ્યોતિબેન ચાંદવાણી, માનદ્ મંત્રી શ્રી માણેકલાલભાઈ શાહ અને નિયામકશ્રી નલીનીબેન દરેક જણ દ્વારા મળતું સતત અને ખૂબ સારૂં પ્રોત્સાહન અને માર્ગદર્શન. પ્રત્યેક બાબતે રખાતું ધ્યાન અને આદર્શ શિક્ષક શ્રી ગીતાબેન ધોળકીયા.

***પ્રશ્ન : શિક્ષણની સાથે કઈ બાબતોનો શોખ? જે શાળા કક્ષાએ પૂરો કરતા...***

*જવાબ :* શિક્ષણની સાથે ખાસ જરૂરી – આનાપાન, પ્રાણાયામ, ધ્યાન - રોજ દસ મિનિટ તો આપવી જ. માનસિક - શારીરિક બંને સ્વસ્થતા કેળવાય. ચિત્ર - પ્રિય શોખનો વિષય. ખાસ - પેઈન્ટીંગમાં રસ... કલ્પનાશક્તિને લગતા વિષયો વિશે વિચારવું, લખવું, દોરવું ખૂબ ગમે.

***પ્રશ્ન : વાંચવાની પધ્ધતિ કેવી રાખવી?***

*જવાબ :* નિયમિતપણે, વર્ષની શરૂઆતથી જ પહેલી પ્રિલી. સુધી ૩થી ૪ કલાક. ત્યારબાદ ૬થી ૭ કલાક વાંચન જરૂરી. સાથે કેટલું વાચ્યું તેના કરતા કેવું વાંચ્યું, કેટલું યાદ રહ્યું તે ખૂબ જરૂરી. અને તેના માટે એકાગ્રતાથી પોઈન્ટ્સને હાઈલાઈટ્સ કરતાં મુદ્દાઓ અલગથી ટપકાવતા વાંચવું.

***પ્રશ્ન : પેપરો કેટલા લખ્યા? પહેલેથી જ કે પ્રિલી. પછી? અક્ષરોનું મહત્ત્વ કેવું?***

*જવાબ :* કુલ ૪૦થી ૫૦ પેપરો વધારાના લખ્યા. પહેલેથી જ વાંચવા કરતા લખવાનો મહાવરો રાખવાથી રહી જતો મુદ્દો કે ભૂલ સુધારી શકાય. અક્ષરો મોટા, છુટ્ટા, છેકછાક વગરનું લખાણ અને મુદ્દાઓ ઘાટા અક્ષરે લખવાથી ફાયદો થાય.

***પ્રશ્ન : ટી.વી. કે ઈતર પ્રવૃત્તિઓમાં રસ લીધો હતો?***

*જવાબ :* શરૂઆતમાં થોડા સમય ફ્રેશ થવા માટે સારી સીરીયલો જોવાની. પ્રિલી. પછી બંધ.

***પ્રશ્ન : પ્રિલી. પરીક્ષા પછી સ્કૂલે જવું કે નહીં? શું ફાયદો?***

*જવાબ :* સ્કૂલે દ્વિતીય પ્રિલી. પછી પણ જવાનું ચાલુ રાખ્યું હતું. ત્યાં બેસીને દરરોજના બે પેપરો લખવાના.

***પ્રશ્ન : ગુજ. બોર્ડ કે કચ્છ બોર્ડમાં નંબર મેળવવાની આશા હતી કે નહીં?***

*જવાબ :* ૯૦%નું ધ્યેય રાખ્યું હતું. પરંતુ બોર્ડમાં નબર આવશે તેવી આશા ઓછી હતી.

***પ્રશ્ન : ભવિષ્યમાં શું બનવાની ઈચ્છા?***

*જવાબ :* મેડિકલમાં જવાની, સર્જન બનવાની ઈચ્છા ખરી. છતાં જે પ્રમાણે રીઝલ્ટ આવે તે પ્રમાણે જે તે ક્ષેત્રમાં આગળ વધવાની ઈચ્છા.

***પ્રશ્ન : છેલ્લો પ્રશ્ન. ગૌરવવંતુ સ્થાન મેળવીને જ્ઞાતિનું નામ પણ રોશન કર્યા પછી આપણી જ્ઞાતિના બીજા વિદ્યાર્થીઓને શી શીખામણ આપશો?***

*જવાબ :* શાળાએ નિયમિત જવાનું, શરૂઆતમાં ૩થી ૪ કલાક... પછી સમય વધારતા જઈને એકાગ્રતા અને સ્વસ્થતા પૂર્વકનું વાંચન, જરૂર જણાયે પોઈન્ટ્સ નોંધીને પેપરોની પ્રેકટીસ સતત રાખવાથી. ટુંકમાં પ્રબળ પુરૂષાર્થ અને ઈશ્વરશ્રધ્ધા જ નહીં, ઈષ્ટદેવની પૂજા, આત્મવિશ્વાસ - આ બધું ભેગું થાય તો જરૂરથી સફળતા મળે જ છે.

***ચિ. નેહાની હવે પછીની મહત્ત્વાકાંક્ષા સર્જન બનવાની પણ પૂર્ણ થાય એવી આપણા સૌની શુભકામના.***

## ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા પછી શું?

ગુજરાતમાં એડમિશન મળવાના ચાન્સ કેટલા? પણ હવે ચિંતાની જરૂર નથી. હવે આપણા જ શહેર અમદાવાદમાંથી જ વિશ્વવિખ્યાત રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ (કર્ણાટક) માન્ય બેંગ્લોર તથા મેંગ્લોરની પ્રતિષ્ઠિત કોલેજમાં કોલેજનાં જ Authorised Person દ્વારા અહીં બેઠા એડમિશન મેળવો. મેડિકલ, ડેન્ટલ, BAMS (આયુર્વેદિક ડોક્ટર), ફિઝિયોથેરાપી, ફાર્મસી, નર્સિંગ, બાયોટેક્નોલોજી તથા અન્જિનિયરિંગની દરેક શાખામાં એડમિશન મેળવો. ફ્રી કન્સલ્ટન્સી તથા ફ્રી એડવાન્સ બુકીંગ કરાવી ડિસ્કાઉન્ટનો લાભ મેળવો.

• સંપર્ક •

**ડો. મૃગેશ અશ્વિનભાઈ સોની** (BPT, MIAP)

**અશ્વિન વી. સોની** (V. S. Hospital)

**(AMBICA GUIDELINES)**

૪/બી, કુમાર સોસાયટી, મલાવ તળાવ પાસે, ઓક્ટ્રોયનાકા સામે, જીવરાજ પાર્ક રોડ, અમદાવાદ-૫૧.

**ફોન : (રહે.) ૦૭૯-૨૬૬૩૧૦૫૨, (ઓ) ૦૭૯-૨૫૩૫૧૧૭૬**

**મોબાઈલ : ૦૯૮૭૯૯૮૪૬૩૬, ૯૪૨૮૪ ૨૧૧૧૨**

## શ્રી કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ - સાબરકાંઠા



S.S.C. બોર્ડમાં દસમા સ્થાને અને સમગ્ર કચ્છમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ

**કુ. નેહા હસમુખભાઈ બગ્ગાને**

હાર્દિક અભિનંદન.

**દિનેશભાઈ જે. સોની** — માનદ્ મંત્રી

**જેઠાલાલ જીવરામ સોની** — ઉપપ્રમુખ

**પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોની** — પ્રમુખ

## યુવા પ્રતિભા

# શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ પરમાર, M.A., B.Ed.

**અતુલ સોની - અમદાવાદ**

આપણો સમગ્ર જ્ઞાતિસમાજ આજે એસ.એસ.સી.માં કુ. નેહા બગ્ગા દ્વારા કચ્છમાં પ્રથમ અને ગુજરાત બોર્ડમાં દસમા ક્રમે સન્માનીય સ્થાન મેળવવા બદલ ગૌરવની લાગણી અનુભવે છે, ત્યારે મને આજથી ઓગણીસ વર્ષ પૂર્વેની આપણા સમાજની ત્યારની વિદ્યાર્થિનીની વિશિષ્ટ સિધ્ધિ યાદ આવે છે.

ગુજરાત રાજ્યમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ (૧૦ + ૨ + ૩)નો નવો અભ્યાસક્રમ ૧૯૭૭-૭૮માં દાખલ થયો. તે સમયે બધું જ નવું. અભ્યાસક્રમ નવો, શિક્ષકો માટે પણ એકદમ નવી પધ્ધતિઓ અને તેના કારણે શરૂઆતમાં પુસ્તકો - ગાઈડો - અપેક્ષિત જેવી તમામ જરૂરી શૈક્ષણિક સામગ્રીઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહીં. ટ્યુશન કે ક્લાસીસની તો કલ્પના પણ ન હતી.

નવા પ્રવાહમાં પ્રથમ બેચમાં દાખલ થનાર વિદ્યાર્થીઓને સામા પ્રવાહે જ લગભગ માર્ગદર્શન વિના જ તરવાનું હતું. સામાન્ય રીતે બનતું હોય છે તેમ છેવાડાના ગણાતા કચ્છ જેવા જીલ્લામાં તો પરિસ્થિતિ વિકટ હતી. તે વખતે સમગ્ર અભ્યાસક્રમ નવો હતો. શિક્ષણ તેમજ મૂલ્યાંકન પધ્ધતિ પણ નવા હતા ત્યારે અધ્યાપકો પણ એ વ્યવસ્થાથી પૂરતા વાકેફ નહોતા. પાઠ્યપુસ્તકો પણ નવા હતા.



- **પ્રથમ સિધ્ધિ — બોર્ડમાં પ્રથમ :**

મારૂ કંસારા સોની પરિવારની વિદ્યાર્થિની જયશ્રીબેન પરમારે વર્ષ ૧૯૭૮ની પ્રથમ વખતની હાયર સેકન્ડરી બોર્ડની ધોરણ-૧૨ની પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એ સમયે આપણી જ્ઞાતિની દીકરીની આ સિધ્ધિ માત્ર આપણા માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવપ્રદ હતી. જયશ્રીનો આ રેકોર્ડ પણ હજુ અકબંધ છે.

ત્યારબાદ પણ જયશ્રીબેનની શૈક્ષણિક કારકીર્દિ જ્વલંત રહી. તેમના દ્વારા હાંસલ થયેલ સીમાચિહ્નો આપણા સમાજ માટે હજુયે અકબંધ છે. ધોરણ-૧૨માં સમગ્ર બોર્ડમાં ૮૪% માર્કસ સાથે પ્રથમ નંબર મેળવનાર જયશ્રીબેન અગાઉ એસ.એસ.સી. બોર્ડમાં માંડવી કેન્દ્રમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરેલ. તેમની શૈક્ષણિક પ્રતિભા સ્નાતક કક્ષાના અભ્યાસમાં વધારે ઝળકી.

- **સ્નાતક (મનોવિજ્ઞાન) ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ :**

૧૯૮૧માં મનોવિજ્ઞાન જેવા અત્યંત કઠીન વિષયમાં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો. અનુસ્નાતક તેમજ બી.એડ.માં પણ ૭૨% માર્ક મેળવ્યા. ત્યારબાદ એમણે એમની સિધ્ધિનું સાતત્ય જાળવ્યું. શિક્ષણ જેવા મહત્ત્વના કાર્યમાં ભાવિ પેઢીને ઘડવાના કાર્યમાં તેઓ જોડાયેલા છે.

જયશ્રીબેન હાલમાં ભુજ માતૃછાયા કન્યા વિદ્યાલયમાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં સંસ્કૃત અને મનોવિજ્ઞાન શીખવે છે તો સાથે સાથે કૌટુંબિક તેમજ સામાજીક જવાબદારીઓ પણ સહજ રીતે સફળતાપૂર્વક નિભાવે છે.

- **મહામંડળના સંગઠન મંત્રી :**

શ્રીમતી જયશ્રીબેન હાલે કચ્છ જીલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંઘના ઉપપ્રમુખ તથા શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના માનદ્ સંગઠનમંત્રી છે.

જયશ્રીબેનના પતિ શ્રી ભરતભાઈ પરમાર બી.એસ.એન.એલ.માં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે. તેઓ કચ્છની પ્રતિષ્ઠિત સંસ્થા કચ્છ કલ્યાણ સંઘના માનદ્ મંત્રી તથા વિદ્યા ભારતી દ્વારા એન્કરવાલા વિદ્યાલયમાં ટ્રસ્ટી તરીકે શિક્ષણના વિકાસ માટે સદા કાર્યરત રહ્યા છે.

સંતાનમાં એમને એક પુત્રી અને એક પુત્ર છે. પુત્ર વિનસ પણ જનરલ નોલેજમાં તેજસ્વી છે.

- **સાહિત્ય સર્જન શોખ :**

શ્રીમતી જયશ્રીબેનને ટુંકી વાર્તાઓ, કાવ્યો લખવાનો શોખ છે. ભૂતકાળમાં વિવિધ લેખન સ્પર્ધામાં ઈનામો પણ મેળવ્યા છે. 'હાઈકુ' તેમને ખૂબ પ્રિય. વિવિધ જવાબદારીઓ વચ્ચે પણ અવકાશ મેળવી લેખનના શોખને જાળવી રાખવા પ્રયત્નશીલ છે. 'સેતુ' સાથેની વાતચીત દરમ્યાન જયશ્રીબેને કહ્યું કે તેમને અધ્યાપન કાર્યથી ખૂબ જ સંતોષ છે. જુનાગઢની બહાઉદ્દીન કોલેજમાં એમને પ્રાધ્યાપકપદે નિમણુંક મળેલી પરંતુ સંજોગોવશાત્ ત્યાં જઈ શક્યા નહીં.

આપણી યુવાપેઢીને એમનો સંદેશ છે : (૧) વર્તમાનમાં જીવો, (૨) થીંક પોઝીટીવ, (૩) નિષ્ઠાપૂર્વક કાર્ય કરો.

શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ પરમારની ઉજજવળ સિધ્ધિઓ શિક્ષણક્ષેત્રે સીમાચિહ્ન બની, આપણી આવતી પેઢીના બાળકોને સદા પ્રેરણા આપતી રહેશે.

*જયશ્રીબેન, સમાજને આપના માટે ગૌરવ છે. આપની પ્રતિભાનો લાભ સમાજને સદાય મળતો રહેશે, તેવી શુભ કામના.*

*જયશ્રીબેન એમની પ્રતિભા સંપન્નતા વિશે સ્રીસહજ નમ્ર રહ્યા પરંતુ એમની પ્રેરણાદાયક પ્રતિભા વિશે તો સહુ કોઈએ જાણવું જ જોઈએ. જ્ઞાતિસેતુના હાર્દિક અભિનંદન. — મુખ્ય તંત્રી*

પ્રો. બાબુભાઈ એન. સોની





# સત્યમ જ્વેલર્સ

**સોના ચાંદીના દાગીનાના વહેપારી**

૨, શિવસદન, રાજાવાડી,
જલારામ મંદિરની બાજુમાં, ફર્સ્ટ રોડ,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

**ફોન : (દુકાન) ૦૨૨-૨૫૧૬૪૬૮૭ ● (ઘર) ૦૨૨-૨૫૧૧૦૬૯૧**

**મોબાઈલ : ૯૮૬૯૧ ૯૩૦૦૨**


## અભિનંદન



મૂળ ભુજ (કચ્છ)ના હાલે અમદાવાદ સ્થિત **શ્રી ઘનશ્યામભાઈ ડી. પરમાર**ના સુપુત્ર **નિર્દેશ ઘનશ્યામભાઈ પરમારે** ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાંથી B.E. (Computer Engineering) આઠમા સેમેસ્ટરમાં ૭૩% પ્રાપ્ત કરી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. તેઓ હાલમાં L & T Infotech - Bombayમાં Software Engineer Trainee તરીકે સિલેક્ટ થયેલ છે. તેમની સફળતા માટે હાર્દિક અભિનંદન.

**ઘનશ્યામ ડી. પરમાર**

૨, અંકિત એપાર્ટમેન્ટ, સ્મૃતિ ફ્લેટ્સની પાછળ, ડુંગરશી નગર, પાલડી, ભઠ્ઠા, અમદાવાદ.
ફોન : (રહે.) ૨૬૬૩૩૮૩૬

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળની રચના થયા બાદ સમયાંતરે હોદ્દેદારોની મિટીંગ અલગ અલગ શહેરોમાં યોજવાનું નક્કી કરવામાં આવેલ. વિવિધ શહેરોમાં મિટીંગ યોજવાનો હેતુ તે શહેર અને વિસ્તારના જ્ઞાતિના આગેવાનો સાથે પરસ્પર સંપર્ક રહી જ્ઞાતિના વિકાસના કાર્યો માટે સહવિચારણા કરી શકાય. તાજેતરમાં તા. ૨૭-૫-૨૦૦૭ના રોજ મહામંડળના હોદ્દેદારોની એક મિટીંગનું આયોજન નખત્રાણા ખાતે થયેલ. મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી સોનીના અધ્યક્ષસ્થાને યોજાયેલ મિટીંગમાં મહામંડળના હોદ્દેદારો ઉપરાંત નખત્રાણા જ્ઞાતિ પ્રમુખ શ્રી હિંમતભાઈ સોની, પશ્ચિમ કચ્છ સમાજના પ્રમુખ શ્રી હીરાલાલભાઈ સોની, હોદ્દેદારો, કારોબારી સભ્યો, યુવક મંડળના સભ્યો, મહિલા આગેવાનો, સર્વે અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપેલ. આજુબાજુના વિસ્તારના ગામોમાંથી પણ જ્ઞાતિ આગેવાનો હાજર રહેલ.

જ્ઞાતિ સમાજમાં મેડિકલ, શિક્ષણ તથા સામાજીક ક્ષેત્રે વિકાસ કરવા વિવિધ મંતવ્યો રજૂ થયા. જે વિશે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. મહામંડળના કાર્યો માટે જરૂરી નાણાંકીય ભંડોળ મેળવવા વિચારણા કરવામાં આવેલ. મિટીંગમાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે કે સર્વે જ્ઞાતિ સંસ્થાઓએ તેમના કારોબારી સમિતિના સભ્યો દીઠ રૂા. ૧૦૦૦/- મહામંડળમાં જમા કરાવવાના રહેશે. મહામંડળની રચના સમયે જે જ્ઞાતિ સંસ્થાઓ ફાળો આપેલ હશે તેમની તે રકમ કુલ જમા કરાવવાની રકમમાંથી બાદ કરી બાકીની રકમ જમા કરાવવાની રહેશે. આ અંગે વિશેષ માહિતી મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોની અથવા અન્ય હોદ્દેદારો પાસેથી મળી શકશે. સર્વે જ્ઞાતિ સંસ્થાઓનો સહકાર મળશે તેવી વિશ્વાસની લાગણી વ્યક્ત કરવામાં આવેલ.

મહામંડળની સંપૂર્ણ કારોબારી સમિતિની મિટીંગ આગામી તા. ૨૨-૭-૨૦૦૭ના રોજ માંડવી મુકામે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

કાર્યક્રમના અંતમાંશ્રી હીરાલાલભાઈ સોનીએ સર્વે હાજર રહેલ અગ્રણીઓનો આભાર માનેલ.

***– અતુલ સોની***

***માનદ્ મંત્રી - શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ***

***(માહિતી સૌજન્ય : પ્રકાશ પી. સોની, માનદ્ પ્રતિનિધિ, જ્ઞાતિસેતુ - નખત્રાણા)***

## કુ. જાગૃતિ સોની ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને



**કુ. જાગૃતિ પ્રકાશભાઈ સોની,** મારૂ કંસારા સોની જ્ઞાતિની હોનહાર વિદ્યાર્થિની છે. તેની સમગ્ર શૈક્ષણિક કારકીર્દિ ગૌરવવંતી રહી છે. હાલમાં માર્ચ-૨૦૦૭માં લેવાયેલ S.Y.B.B.A.ની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન હાંસલ કરી સમાજને ગૌરવ અપાવેલ છે. બિઝનેસ મેનેજમેન્ટના આ અભ્યાસ સાથે સાથે તેઓ CAT અને બીજી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલ છે.

અગાઉ વર્ષ ૨૦૦૫માં હાયર સેકન્ડરી ધોરણ-૧૨ ની પરીક્ષામાં ૯૦% માર્કસ મેળવી ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડના મેરીટમાં બારમુ સ્થાન પ્રાપ્ત કરેલ.

હાલમાં અમદાવાદ રહી અભ્યાસ કરતી જાગૃતિના માતા-પિતા કચ્છમાં માનકુવામાં રહે છે. કુ. જાગૃતિને સફળતા બદલ સમગ્ર જ્ઞાતિ સમાજ તરફથી ખૂબ અભિનંદન અને ઉજ્જવળ કારકીર્દિ માટે શુભકામના.

## પ્રગતિના પંથે....

૧. **કુ. હેતલ બારમેડા (ભુજ)** B.Ed.માં પ્રથમ વર્ગ
૨. **કુ. મોસમી રાજેન્દ્ર કંસારા (અંજાર)** LL.B.નો અભ્યાસ પૂર્ણ.
૩. **શ્રી મિતુલ બુધ્ધભટ્ટી (અમદાવાદ)** M.Com.માં ૬૫% માર્કસ સાથે ઉત્તીર્ણ.

અર્થોપાર્જન - વ્યવસાય તેમજ ઘરકામ કરતા રહી અભ્યાસ પણ ચાલુ રાખી પ્રગતિના પંથે આગળ વધતા આ પ્રવાસીઓને સેતુને હાર્દિક અભિનંદન.

## વર્ષાની વાણી

*મારા કાળજાની કોર*
*મારા મનડાના મોર*
*તે મચાવ્યો છે શોર*
*કરી છે પ્રેમની ગોર*
*બાંધ્યો છે પ્રીતડીનો દોર*
*છાંટ્યા છે ખુશીના બોર*
*ધરતી પર જમાવ્યો છે જોર*
*ખુશી થઈ છે કંઈક ઓર.*
*ઓહો... 'જીનલ' એટલે જ આવી છે વર્ષા ચારેકોર.*

***કુ. જીનલ પી. સોની - નાગલપુર, માંડવી (કચ્છ)***

# શ્રધ્ધાંજલિ



## સ્વ. મુળજીભાઈ નરસિંહભાઈ બીજલાણી

(યુકો બેંકના નિવૃત્ત ઓફિસર - અમદાવાદ)

*જન્મ તા. ૧-૭-૧૯૨૪ ● સ્વ.તા. : ૨૧-૫-૨૦૦૭ (ઉં.વ.-૮૩)*

*જન્મ સ્થળ : કરાંચી ● મૂળ વતન : ભુજ, કચ્છ.*

*"થોડું મેળવીને ગુજારી, થોડું ખોઈને ગુજારી, જેટલી પણ ગુજારી જીંદગી, હસી હસીને ગુજારી."*

*હું હું જ છું, તમે તમે જ છો અને આપણે પરસ્પર જે હતા તે જ છીએ.*
*જીંદગીનો જે અર્થ હતો તે હજુ છે, જીંદગી જેવી હતી તેવી જ હજુ છે*
*હું તમારી સામે નથી તેથી શું હું તમારા દિલમાં નથી?*
*હું તો એક જ વાત કહું છું કે સદાય આનંદ કરો, ચારેબાજુ બધું જ સરસ છે, બધું જ સરસ છે.*

આ જ વસ્તુ અમો સદાય અમારી સાથે રાખી એમના આત્માને સદાય અમો અમારી સાથે જીવંત રાખીશું અને અમારા વડીલ, અમારા પૂજ્ય પિતાશ્રીના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે તેવી જ પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ અને એમને અંજલી આપતા

*"જીંદગીનો એ જ સાચો પડઘો છે, હોયના વ્યક્તિ ને નામ એનું બોલાયા કરે."*

ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ

**શારદાબેન મુળજીભાઈ બીજલાણી**

**બીમલભાઈ મુળજીભાઈ બીજલાણી (મો. ૯૮૭૯૬ ૧૩૦૩૦) ● વંદનાબેન બીમલભાઈ**

*આ સાથે અમારા સ્વર્ગસ્થ વડીલોને પણ સ્મરણવંદના સાથે સાથે...*

**સ્વ. પરસોત્તમભાઈ મિલવાળા (મુંબઈ)** **સ્વ. કાનજીભાઈ અરીસાવાળા (મુંબઈ)**

**સ્વ. નટવરભાઇ (અમદાવાદ)** **સ્વ. બાબુભાઈ કચ્છી (અમદાવાદ)**

**શ્રી નવલભાઈ (અમદાવાદ) તથા સ્વ. શાંતિભાઈ (વડોદરા) તથા સમગ્ર બીજલાણી પરિવાર**

**શ્રી ધનવંતરાય - કંસારા પરિવાર તરફથી હાર્દિક શ્રધ્ધાંજલિ**

*એમ-૧૨/૪૬૦, ન્યુ ઉમેદનગર કોલોની, ભુજ*

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ

## સજોડે સંગોષ્ઠિ

દરેક સામાજીક સંસ્થાની કારોબારી સમિતિની બેઠકો અવારનવાર થતી હોય છે. અમદાવાદ જ્ઞાતિ દ્વારા એક અભિનવ પ્રયોગ તરીકે દર મહિને-બે મહિને કારોબારી સમિતિની એક મિટીંગ એવી યોજાય છે જેમાં સર્વે કારોબારી સભ્યો સજોડે હાજરી આપે છે. આવી સહભોજન મિટીંગનું આયોજન કારોબારી સમિતિના કોઈ સભ્ય દ્વારા તેમના નિવાસસ્થાને કરવામાં આવે છે. મોટા શહેરમાં સમાજના પરિવારો એકમેકથી દૂર વસતા હોવાથી, પરસ્પર મળવાનું ઓછું થતું હોય ત્યારે આવા આયોજનોથી સમાજના પરિવારોનું અવારનવાર મિલન થાય છે. જેનાથી કાર્યશીલતા, એકતા અને સહકારની ભાવના વિકસે છે.





તાજેતરમાં કારોબારીના સભ્ય શ્રી રમેશભાઈ વી. સોની દ્વારા તેમના નરોડા સ્થિત નિવાસસ્થાને કપલ મિટીંગનું સુંદર આયોજન કરવામાં આવેલ. મિટીંગ દરમ્યાન સમાજના વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા થઈ. અમદાવાદ સમાજના પરિવારો દ્વારા વાર્ષિક જ્ઞાતિ સહયોગ રૂપે ઓછામાં ઓછા રૂા. ૩૬૫/-નું યોગદાન આપવામાં આવે છે. તે અંગે આયોજનની ચર્ચા વિચારણા થઈ. સમાજના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ને સમગ્ર સમાજમાંથી મળી રહેલ પ્રોત્સાહક પ્રતિસાદની સહર્ષ નોંધ લઈ, આગામી અંકથી 'સગપણ સેતુ' નામની નવી કોલમ શરૂ કરવાનું સૂચન થયેલ. જેનો સ્વીકાર કરવામાં આવેલ છે.

## જ્ઞાતિના તમામ વિદ્યાર્થીઓ માટે ફૂલસ્કેપ નોટબુકોનું વિતરણ

ગત વર્ષની માફક આ વર્ષે પણ અમદાવાદ જ્ઞાતિના તમામ વિદ્યાર્થીઓને ફુલસ્કેપ નોટબુકોનું ફ્રી વિતરણ કરવા માટે જરૂરી આયોજન કરવામાં આવેલ છે. આ કાર્ય માટે દાતાઓ શ્રી હંસરાજ કંસારા (સ્વ. ઠાકરશી પી. કંસારાની જન્મ શતાબ્દી નિમિત્તે), શ્રીમતી દયાબેન બુધ્ધભટ્ટી તથા શ્રી મનુભાઈ કોટડીયા તરફથી તમામ ખર્ચ માટે સ્પોન્સરશીપ આપવામાં આવેલ છે. તેની મિટીંગમાં નોંધ લઈ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

આપણા સમાજની કુ. નેહા હસમુખભાઈ બગ્ગા (ભુજ)એ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ગુજરાતમાં દસમું અને કચ્છમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. અમદાવાદ જ્ઞાતિ દ્વારા તેમને એક સન્માનપત્ર તથા પ્રોત્સાહક પુરસ્કાર રૂા. ૧,૦૦૧/- આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

સમાજના કાર્યોમાં મહિલાઓની ભાગીદારી વધી રહેલ છે.


*— માનદ્ મંત્રી*

## કો'ક તો સમજો

દુશ્મનથી નહીં દોસ્તથી ડરૂં છું,
કો'ક તો સમજો...
શીતળ પાણીમાં પણ બળું છું
કો'ક તો સમજો...
હું સુખી છું નો અભિનય કરૂં છું જીંદગીમાં
પણ ભીતરથી થરથરૂં છું
કો'ક તો સમજો...
આપને મીઠા બોર મળે એટલે એઠા કરૂં છું
કો'ક તો સમજો...
કચ્છ મારૂ કંસારા સોની મહામંડળનું સંગઠન મજબુત
થાય એવા પ્રયત્નો બધાએ કરવા જોઈએ
કો'ક તો સમજો...

*ધર્મેન્દ્ર બી. સોલંકી - તલોદ*

*પાના નંબર-૨૮ ઉપર આપેલ 'આંકડા ગોઠવો'ના જવાબ*



## સગપણ સેતુ

સેતુની શરૂઆત કરતી વખતે આપણો હેતુ હતો ગ્રામ્ય, શહેર અને કચ્છ તેમજ કચ્છ, ગુજરાત અને ભારત બહાર વસતા પરિવારો વચ્ચે ઓળખાણનો સેતુ રચવાનો. છેલ્લા ત્રણ-ચાર વરસના અનુભવે જણાયું છે કે આ હેતુ લગભગ ફળીભૂત થયેલ છે. અલબત્ત એ અમારી જાણમાં છે કે હજુ સુધી બધા જ પરિવારો સુધી સેતુ પહોંચતુ નથી. આમ છતાં હાલમાં ૧૦૧ શહેર અને ગામડાઓને સાંકળતી આ કડી વધારેને વધારે મજબુત બનતી જાય છે અને આ દિશામાં આપ બધા જ પરિવારોને સાંકળવાના અમારા પ્રયત્નો ચાલુ જ છે. હવે અમો એક ડગલું વધારે આગળ વધીને કંસારા મારૂ તેમજ કંસારા સમાજના અન્ય ગોળ -્ટકની વચ્ચે યુવાન હૈયાઓને નજદીક લાવવા માટે "સગપણ સેતુ" નામની આ કોલમ શરૂ કરી રહ્યા છીએ. તો આપના સંતાનોના સગપણ સાધવા માટે આ માધ્યમનો ઉપયોગ કરવા આપ સર્વે વડીલોને અમારૂં નિમંત્રણ છે. નીચે આપેલ ફોર્મમાં આપના લગ્નની ઉંમરે પહોંચેલ સંતાનોની વિગતોમાં પ્રત્યાશીનું નામ ભરી, પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચેના સરનામે મોકલી આપશો.

ટી.એલ. કંસારા, ઈન્ફાઈનાઈટ ઈન્ડિયા, યુ/૧૦, સાર્થક ટાવર્સ, રામદેવ નગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫. ઈ-મેઈલ : tkansara@infiniteindia.com ● ફોન : ૦૭૯-૨૬૯૨૩૨૫૭

આ ફોર્મ ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં ભરી શકાય છે. એક જાહેરાત એક વખત છાપવાના રૂપિયા ૨૫૦/- મનીઓર્ડર અથવા બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે અથવા રોકડેથી સંસ્થાના કાર્યાલયે મોકલવાની રહે છે. સંસ્થાનું કાર્યાલય – ધવલ જ્વેલર્સ, ઓળની પોળ, માણેકચોક, અમદાવાદ.

નામ : ____________________

જન્મ તારીખ અને જન્મ સ્થળ : ____________________

મૂળ વતન : ____________________

અભ્યાસ : ____________________

ઊંચાઈ : __________ વજન : __________

શોખ : ____________________

માતાનું અને પિતાનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

__________ પીન કોડ : __________

ફોન : __________ મો. : __________

અન્ય વિગતો જરૂરી જણાય તો : ____________________

____________________

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ



### કુ. નેહા હસમુખભાઈ બગ્ગા

*S.S.C. બોર્ડમાં દસમું સ્થાન*
*સમગ્ર કચ્છ જીલ્લામાં પ્રથમ સ્થાન*

અંપણી ફંસિનુ ગૈરવ...
અંપણં કચ્છ જીલ્લંનુ ગૈરવ...
ભવિષ્યમાં ખૂબ પ્રગસિ કરી
ઉચ્ચ કંરકીર્તિનં સ્વપ્નંએં દંકંર ટંય
એ જ માગલ કંમનં.

| | |
|---|---|
| શ્રી મનુભાઈ વી. કોટડીયા | - પ્રમુખ |
| શ્રી ગીરીશભાઈ કે. સોની | - ઉપપ્રમુખ |
| શ્રી અતુલ એસ. સોની | - માનદ્ મંત્રી |
| શ્રી જયેશ કે. ઘડીયાળી | - સહમંત્રી |
| શ્રી રાજેન્દ્ર કે. સોની | - ખજાનચી |
| શ્રી જયમીન જે. સોની | - સહ ખજાનચી |
| શ્રી રમેશભાઈ વી. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી સૂર્યકાંતભાઈ એમ. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી તુલસીદાસ એલ. કંસારા | - કારોબારી સભ્ય |
| શ્રી પ્રશાંત એસ. બીજલાની | - કારોબારી સભ્ય |
| શ્રી કનુભાઈ બીજલાની | - કારોબારી સભ્ય |
| શ્રી દિલીપ જે. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી ગોપાલભાઈ સોની (દહેગામ) | - કારોબારી સભ્ય |
| શ્રી હેમલ એચ. સોની | - કારોબારી સભ્ય |
| શ્રી પ્રશાંત મૈયા | - કારોબારી સભ્ય |

# મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

## પ્રગતિને પંથે....

*રાયપુરમાં આપણા સમાજની પ્રગતિના દર્પણ સમી સુંદર પરિવાર પરિચય પુસ્તિકા જોઈ અત્યંત હર્ષ થયો. મુખપૃષ્ઠ પર સમાજના અદ્યતન ભવન સાથે આપણા કુળદેવી મહાકાળી માતાજીની ગૌરવવંતી તસવીર, જ કચ્છથી હજારો માઈલો દૂર, આપણા જ્ઞાતિની સંગઠન શક્તિના પરિચાયક છે.*

*પ્રમુખશ્રી પ્રકાશકુમાર બારમેડાએ એમના નિવેદનમાં સામાજીક કાર્યોમાં ટીમ-સ્પિરીટના મહત્ત્વનો નિર્દેશ કરતાં પરિવાર પુસ્તિકામાં સહકાર બદલ સમગ્ર પરિવારોનો આભાર માનવાની સાથે સાથે એના નિર્માણ કાર્યમાં સમાજની કારોબારી તેમજ યુવા નેતૃત્વ અને શ્રી પ્રવીણભાઈ પોમલનો યોગ્ય આભાર માન્યો છે. તો બીજા પૃષ્ઠે સમાજના મંત્રી શ્રી કમલેશ બીજલાણીએ રાયપુર સમાજના વિકાસનો ઈતિહાસ અને સમાજ ભવન નિર્માણ પ્રક્રિયાનું વિસ્તૃત બયાન કર્યું છે, જે આપણી જ્ઞાતિના અન્ય વિસ્તારોમાંના સમાજો માટે દાખલારૂપ છે. ૧૦૧ પરિવારોની વિસ્તૃત વિગતો પર સરસરી દૃષ્ટિએ જોતાં જ એ સ્પષ્ટ થાય છે કે રાયપુરનો આપણો સમાજ અનેકરીતે પ્રગતિશીલ છે. જેમકે ૧૦૨ પરિવારોમાં કુલ ૧૩૫ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટોમાં ૪૬ મહિલાઓ છે. એમાંના ૭૮ એટલે કે ૭૫ ટકાથી વધુ પરિવારો કોમર્સ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ છે. જેમાં કુલ ૨૬ મહિલાઓ છે. શિક્ષિતોમાં આર્કિટેક્ચર, એન્જિનીયરીંગ, શિક્ષણ, એકાઉન્ટન્સી, ફિલોસોફી, વિજ્ઞાન અને કળાક્ષેત્રે પારંગત છે. વ્યવસાય ક્ષેત્રે પણ સોના ચાંદીકામ ઉપરાંત સારૂં એવું વૈવિધ્ય નજરે પડે છે. એક પ્રગતિશીલ સમાજની આવી વાસ્તવદર્શી સમગ્ર છબી પ્રસ્તુત કરવા બદલ રાયપુર સમાજને 'સેતુ'ના હાર્દિક અભિનંદન.*

*પુસ્તિકામાંનો મંત્રીશ્રીનો અહેવાલ અત્રે સંક્ષિપ્તમાં પ્રસ્તુત છે.* — ***મુખ્ય તંત્રી***

---

આજથી લગભગ ૮૦ વર્ષ પૂર્વે શ્રી લાલજી હીરજી પરિવારનાં સદસ્ય શ્રી હીરજીભાઈ બારમેડા સૌપ્રથમ કચ્છ અંજારથી રાયપુર આવી વસ્યા. ત્યારબાદ કચ્છ કુંભારીયાના શ્રી લખમશી પદમશી પોમલે રાયપુર આવી, એમની 'લખમશી પદમશી જ્વેલર્સ' નામની ફર્મની સ્થાપના કરી. એમણે આપણા જ્ઞાતિ બંધુઓને રાયપુર આવવા પ્રોત્સાહિત કર્યા. તેમના માટે કામની વ્યવસ્થા કરી અને કુશળ કારીગરો માટે સ્વતંત્ર ધંધો કરવાની વ્યવસ્થા પણ કરી આપી. પરિણામે આપણાં ઘર વધતા ગયા અને લગભગ ૧૦ વર્ષ પછી સ્વ. શ્રી ઓધવજી પદમશીભાઈ પોમલના પ્રથમ અધ્યક્ષપદે મારૂ કંસારા સોની સમાજની રચના થઈ.




ત્યારબાદ સ્વ. શ્રી ઓધવજી મુરજીભાઈ બીજલાણી, સ્વ. શ્રી ગોપાલજી પરષોત્તમભાઈ કટ્ટા, સ્વ. શ્રી નાનાલાલ શીવજીભાઈ બુધ્ધભટ્ટી જેવા વડીલો અધ્યક્ષ થયા. સ્વ. શ્રી નાનાલાલભાઈએ એમની જમીનનો એક ભાગ સમાજને, એની આર્થિક આવક માટે ભેટ આપ્યો. ત્યારબાદ સ્વ. શ્રી પોપટભાઈ પદમશીભાઈએ સમાજનાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સમાજમાં પ્રત્યેક શ્રાવણ માસની અમાસના રોજ એક સામાજીક કાર્યક્રમનું આયોજન કર્યું. તે માટે તેઓ સમાજનાં પ્રત્યેક સદસ્યોને રાયપુરથી લગભગ ૭ કિ.મી. દૂર સરોના ગામનાં મહાદેવ મંદિર લઈ જતા. આજે પણ સમાજના સદસ્યોએ શ્રાવણ માસની સરોની પ્રથા - પરંપરા જાળવી છે.

સ્વ. શ્રી છગનલાલ પદમશીભાઈ પોમલ જ્યારે અધ્યક્ષપદે હતા ત્યારે સમાજની જમીન, રાયપુર શહેરથી ખૂબ દૂર હતી. આને સદસ્યોની મંજૂરી લઈને વેચી અને સમાજ માટે મૂડી ઊભી કરી. શ્રી મનોહરલાલ છગનલાલ પોમલની અધ્યક્ષતા દરમ્યાન રાયપુરના ફાફાડીહ વિસ્તારમાં સમાજના નામથી જમીન લેવામાં આવી. જ્યારે શ્રી નરભેરામ નાનાલાલભાઈ બુધ્ધભટ્ટી અધ્યક્ષ બન્યા ત્યારે સમાજનું ભવન બનાવવા માટે ભૂમિપૂજન થયું અને ભવન માટે ફાળો એકત્રિત કરવા કટીબધ્ધ થયા.

શ્રી છગનલાલ કલ્યાણજીભાઈએ સમાજનાં અધ્યક્ષ બની આ કાર્યને આગળ વધાર્યું અને આપણા સમાજનું રજીસ્ટ્રેશન

પણ થયું.

સમાજ ભવનના નિર્માણ કાર્યનું કામ આગળ ધપાવવા માટે આર્થિક રૂપે આવશ્યક્તા લગાતાર વધતી ગઈ. સમાજનાં એક બહેન શ્રીમતી કમળાબેન વ્રજલાલ બારમેડાએ તેમના પતિ સ્વ. શ્રી વ્રજલાલ રતનશીભાઈની સ્મૃતિમાં સમાજમાં એક રૂમ માટે ૫૦,૦૦૦/- જેવી મોટી રકમ એક સાથે આપી ત્યારબાદ કાર્યમાં તેજી આવી. શ્રી જયેશકુમાર બાબુલાલભાઈ પોમલે સમાજનું નેતૃત્વ સંભાળ્યું ત્યારે તેમણે સમાજની યુવા શક્તિને સમાજ ભવનનું કાર્ય આગળ વધારવા તેમજ સમાજના અન્ય સામાજીક, સાંસ્કૃતિક કાર્યને પણ આગળ વધારવા પ્રોત્સાહન આપ્યું. જે શ્રી કિશોરકુમાર બાબુલાલભાઈ બુધ્ધભટ્ટીના અધ્યક્ષપદે પૂરૂં થયું. રાયપુરમાં આપણા પોતાના ભવનનું સ્વપ્ન સાકાર થયું છે. જેનું ઉદ્‌ઘાટન સમાજના વયોવૃધ્ધ સદસ્ય શ્રીમતી ડાઈબેનનાં વરદ્ હસ્તે થયું.

સમાજના ભવન નિર્માણમાં સમાજના અન્ય સભ્યો શ્રી કિશોરચંદ્ર ગોપાલજીભાઈ કટ્ટા, શ્રી નરોત્તમભાઈ બીજલાણી, શ્રી રસીકલાલ મુરજીભાઈ, સ્વ. શ્રી મનસુખલાલ વલમજીભાઈ, શ્રી મગનલાલ વલમજીભાઈ, શ્રી રસીકલાલ છગનલાલભાઈ, શ્રી યોગેશકુમાર નાનાલાલભાઈ બુધ્ધભટ્ટી, શ્રી જુગલકિશોર વિઠ્ઠલજીભાઈ બુધ્ધભટ્ટી તથા શ્રી શાંતિલાલ દેવકરણ મૈચા જેવા સભ્યો કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના સમાજની સેવા માટે સદૈવ તત્પર રહેતા.

આ પ્રમાણે સમાજનાં પ્રત્યેક સદસ્યોની મહેનત, લગન તથા સહયોગથી આજે કચ્છ બહાર આપણા સમાજનું પોતાનું ભવન માત્ર રાયપુરમાં જ છે. તેમજ રાયપુર, દુર્ગ અને કુમ્હારીમાં મળી આપણા સમાજનાં લગભગ ૧૦૧ ઘર રાયપુરમાં છે. આજે આપણા સમાજમાં એક મહિલા મંડળ છે જે સામાજીક તેમજ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરે છે. આજે આપણા સમાજના પરિવારો એકબીજા સાથે લાગણી અને ભાઈચારાથી આગળ વધી રહ્યા છે અને એમજ આગળ વધે અને ઉન્નતિ કરે એવી હું ઈશ્વરને પ્રાર્થના કરૂં છું.

*કમલેશકુમાર બીજલાણી*
*માનદ્ મંત્રી, શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર*

## સાભાર સ્વીકાર

અમદાવાદના શ્રી અશ્વિનભાઈ કલ્યાણજી સોલંકી તરફથી તેમની સુપુત્રી ચિ. માનસીના લગ્ન ચિ. નિશાંત (વિનુભાઈ તથા ભારતીબેન સલાટના સુપુત્ર) (લંડન) સાથે તા. ૮-૭-૨૦૦૭ના રોજ યોજેલ છે તે શુભપ્રસંગે રૂા. ૧,૦૦૧/- ભેટ મળેલ છે.

*ચિ. માનસીને સેતુ પરિવારના શુભાશિષ. — મુખ્ય તંત્રી*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર



**કુ. નેહા હસમુખભાઈ બગ્ગા**

**S.S.C. બોર્ડમાં દસમું અને કચ્છમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન અને શુભ કામના.**

**શિવલાલ શામજીભાઈ સોની**
**પ્રમુખશ્રી**
**તથા સર્વે હોદ્દેદારો અને કારોબારી સભ્યો**

# અધિક માસ નિમિત્તે અંજાર મધ્યે મંડપ - પૂજાવિધિનું આયોજન

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સ્વ-ઉત્કર્ષ મહિલામંડળ - અંજાર દ્વારા શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસાપરમારનાં સહર્ષ સૌજન્યથી અધિક માસને અનુલક્ષીને મંડપ-પૂજાવિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિના શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે તા. ૧૧-૬-૦૭ સોમવાર અને એકાદશીએ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૦-૬-૦૭ રવિવારે રાત્રે જ્ઞાતિનાં છોટે ગોર શ્રી દેવેનભાઈ કનકચંદ્ર વ્યાસ તથા શ્રીમતી ગીતાબેન દેવેનભાઈ વ્યાસ દ્વારા તથા તેમના માર્ગદર્શન હેઠળ અન્ય સહયોગીઓ દ્વારા બૌંતેર કોઠાનું સુંદર મંડપનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તા. ૧૧-૬-૦૭ સોમવારે સવારે ૯.૦૦ કલાકે મંડપ - પૂજાવિધિનું આયોજન, ૯.૦૦થી ૪.૦૦ કલાક સુધી મંડપ-દર્શનનું આયોજન, ૪.૦૦થી ૭.૦૦ કલાક સુધી ભજન-સત્સંગનું આયોજન, ૭.૦૦ કલાકે મહા-આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતી સમયે મંડપના બૌંતેર કોઠા મધ્યે, બૌંતેર દીપક પ્રગટાવવામાં આવ્યા હતા તથા ઉપસ્થિતોનાં હસ્તે એક-એક દીપક દ્વારા આરતી ઉતારવામાં આવી હતી. અંદાજે ૧૨૫ જેટલાં ઉપસ્થિતો દ્વારા ઉતારવામાં આવેલ આ આરતી વાસ્તવમાં મહાઆરતી સાબિત થઈ હતી. મહાઆરતી ફક્ત દીપકનાં જ પ્રકાશમાં કરવામાં આવતા એક અદ્‌ભુત આહલાદક વાતાવરણ નિર્માણ પામ્યું હતું. અસહ્ય બફારામાં પણ સૌએ સહર્ષ આરતીનો આનંદ માણ્યો હતો. મહાઆરતી બાદ અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.



મંડપ-પૂજાવિધિ જ્ઞાતિનાં પ.પૂ.ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસની ઉપસ્થિતિમાં છોટેગોર શ્રી દેવેનભાઈ કનકચંદ્ર વ્યાસ દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. યજમાનપદે સૌજન્યકર્તા શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમારની સાથે શ્રી સંજયભાઈ અમૃતલાલ બારમેડા તથા શ્રીમતી હંસાબેન સંજયભાઈ બારમેડા બેઠેલ હતા. મહા આરતી અંતર્ગત સુંદર આરતી-થાળની વ્યવસ્થા કુ. રૂપાબેન નવીનચંદ્ર ગોહીલ તથા મહા આરતીની વ્યવસ્થા શ્રીમતી શાંતાબેન વિનોદકુમાર બારમેડા, મંડપના દીપકો તથા ફૂલ સજાવટની વ્યવસ્થા શ્રીમતી હીનાબેન પ્રવીણચંદ્ર પોમલ, શ્રીમતી પીંકીબેન નિખિલકુમાર કટ્ટા, કુ. માનસી શાંતિલાલ કટ્ટા, કુ. પૂજા શશીકાંતભાઈ બારમેડા, કુ. રીમા નવીનભાઈ બારમેડા તથા કુ. રૂપા દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત સર્વે શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા, શ્રીમતી જયાબેન કાકુભાઈ બુધ્ધભટ્ટી, શ્રીમતી ભગવતીબેન હેમેન્દ્રકુમાર કટ્ટા, શ્રીમતી તરૂણાબેન નરન્દ્રભાઈ બુધ્ધભટ્ટી, શ્રીમતી જાસ્મીનબેન અનિલકુમાર બગ્ગા, શ્રીમતી રીમાબેન શૈલેષભાઈ પોમલ, શ્રીમતી રમીલાબેન વસંતભાઈ બારમેડા, શ્રીમતી શારદાબેન પ્રકાશભાઈ બારમેડા, શ્રીમતી હંસાબેન સંજયભાઈ બારમેડા, શ્રીમતી ભાવનાબેન હસમુખભાઈ પોમલ, શ્રીમતી શારદાબેન નવીનચંદ્ર ગોહીલ, શ્રીમતી આરતીબેન જીતેન્દ્રભાઈ ગોહીલ તથા યુવક મંડળના પ્રમુખ શ્રી સતીષભાઈ ચમનલાલ બુધ્ધભટ્ટી અને શ્રી સંદીપભાઈ રમણિકલાલ બુધ્ધભટ્ટીએ સહયોગ આપ્યો હતો.

આ સમગ્ર આયોજન શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમારના સહર્ષ સૌજન્યથી જ સંપન્ન થયું હતું. જેમનું શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ - અંજાર વતી શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડાએ સાદર આભાર વ્યક્ત કર્યો હતો.

***કુ. એકતા કટ્ટા - અંજાર, કચ્છ***

## પપૈયામાં શ્રીગણેશ



નખત્રાણા તાલુકા મણિનગર વિસ્તારમાં રહેતા અબડાસા તાલુકાના વાંકુ ગામના જે હાલ મણિનગરમાં રહે છે જેના ઘરઆંગણે એવું મોટું પપૈયાનું ઝાડ જેમાં અનેક પપૈયા હોય તેમાં એક પપૈયું એવું જેમાં શ્રી ગણેશને સ્વર્ગમાંથી પૃથ્વીલોકમાં આવી પડ્યું હોય તેમ પપૈયામાં મોટી સુંઢાળા શ્રી ગણેશ હોય જે આપની સામે ફોટામાં દેખાય છે.

***સોની પ્રકાશ પ્રવીણચંદ્ર - મણિનગર***

## કુ. નેહા હસમુખભાઈ બગ્ગા

જ્વલાસ દિધ્ધિ બતલ હંર્તિક અભિનાતન
સરં અંગંમી દર્વે કર્દેંટીએંમાં
વધુમાં વધુ દફળસં પ્રંપ્સ કરે સેવી શુભ કંમનં.

## સોની શામજી ગાંગજી (વલાડીયાવાળા) પરિવાર

ગાગંબજાર, આજાર (કચ્છ)



શુભેચ્છા સહ....

**દિનેશભાઈ સોની**



## રાઘવ જ્વેલર્સ

ગંગા બજાર,
૧૨ મીટર રોડ,
અંજાર (કચ્છ.)

## શ્રદ્ધા જ્વેલર્સ

૩, શ્રીમદ્ શિખર કોમ્પ્લેક્સ,
પોસ્ટ ઓફિસની સામે,
મચ્છીપીઠ, અંજાર (કચ્છ)

**સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

ફોન : ૦૨૮૩૬-૨૪૧૭૫૪ • મો. ૯૮૨૫૧ ૫૩૬૫૧

# વ્યક્તિ વિશેષ

## મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટી

### (કચ્છમાં પબ્લિક ટ્રાન્સપોર્ટના પ્રણેતા અને વહાણ બાંધકામના વિશેષજ્ઞ)

સાઠ સિત્તેરના દાયકામાં ભુજમાં રહેતા આપણામાંના ઘણાએ લખોટા બાગની વાટે, સાંજે એક ધીરગંભીર વ્યક્તિને આસપાસના વાતાવરણથી તદ્દન નિર્લેપભાવે આવતા જતા જરૂર જોયા હશે. મધ્યમ કદ અને બેવડા બાંધાનું ટટ્ટાર શરીર, થોડો શ્યામ કહી શકાય તેવા, વાર્ધક્યની કોઈ રેખા નહીં, પરંતુ વિચારશીલતા વ્યક્ત કરતા વદને, એ વ્યક્તિ પસાર થાય ત્યારે અનાયાસ જ એમની તરફ ધ્યાન ખેંચાયા વિના ન રહે. એમના કોઈ પરીચિતની આદર દૃષ્ટિ મળે તો ગૌરવપૂર્ણ હળવા સ્મિતથી પ્રતિભાવ આપતા પસાર થઈ જાય. પ્રથમ દૃષ્ટિએ જ કોઈ નિવૃત્ત ઉચ્ચ અધિકારી જેવા જણાતા આ મહાનુભાવ હતા – શ્રી મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટી. કચ્છના રજવાડી સમયના એક સન્માનિત મિકેનીકલ એન્જીનીયર. કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના પ્રણેતા અને વહાણ બાંધકામ વ્યવસાયને તત્સમયે ટેકનિકલ દૃષ્ટિએ આધુનિક ઢબે વિકાસ કરવાના સ્વપ્નસેવી ઈજનેર.

કચ્છની પ્રથમ રેલવે લાઈનના ૧૯૦૩માં પ્રારંભનો યશ જેમ એમના કાકા શ્રી કેશવજીભાઈ ઈજનેરને જાય છે તેમ કચ્છમાં પબ્લિક રોડ ટ્રાન્સપોર્ટના પ્રથમ પ્રણેતા તરીકેનું માન શ્રી મોતીભાઈને ફાળે જાય છે. ૧૯૨૩માં કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન બસ સેવા શરૂ થઈ. શ્રી મોતીલાલભાઈએ ૨૪ વર્ષ સુધી એનું સફળ સંચાલન કરી, યોગ્ય વિકાસ કર્યો.



તસવીર તેમજ વિગત સૌજન્ય : શારદાબેન પોમલ - ભુજ
(શારદાબેન સ્વ. મોતીલાલભાઈનાં જયેષ્ઠ પુત્રી છે.)

મહારાવશ્રીને મોતીલાલભાઈના ઈજનેરી કસબ માટે ખૂબ જ માન હતું. તેઓશ્રી વિદેશ પ્રવાસે જતા ત્યારે મોતીલાલભાઈને પણ સાથે લઈ જતા. ૧૯૨૮થી ૧૯૩૨ દરમ્યાન અનેક વખત ઈજીપ્ત, સુદાન, એબીસીનીયા, બ્રિટીશ સોમાલી લેન્ડ, ટાંઝાનીયા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, બેલ્જીયમ, હોલેન્ડ, ઈટાલી, વગેરે યુરોપના અનેક દેશોની મહારાવશ્રી સાથે મુલાકાત લેવાનો લાભ એમને મળ્યો.

કચ્છની સાગર ક્ષમતા અને પરંપરાગત રીતે વહાણ બાંધકામમાં કચ્છના વાઢાઓની કુશળતાની દૃષ્ટિએ મોતીલાલભાઈને જહાજ બાંધકામ ક્ષેત્રે વિકાસની શક્યતાઓ જણાતાં એમણે એ વિષયે ખાસ રસ લીધો. મહારાવશ્રીએ પણ એમને પ્રોત્સાહન આપ્યું.

આપણી જ્ઞાતિને યંત્રો અને યાંત્રિક કસબ સાથે ગજબની લેણી છે અને તેમાંય બુધ્ધભટ્ટી પરિવારના સંતાનોને તો 'મિકેનિક્સ' ગળથૂથીમાં જ મળેલું છે. કચ્છના પ્રગતિશીલ મહારાવશ્રી ખેંગારજી ત્રીજા અને શ્રી વિજયરાજજી બાવાએ આપણા યુવાનોના આ કસબને સારી રીતે પિછાણ્યો હતો અને યોગ્ય રીતે બિરદાવ્યો પણ હતો.

ઈ.સ. ૧૮૯૫માં આ માસ (જુલાઈ)ની ૧૧ તારીખે ભુજ મધ્યે એમનો જન્મ થયો. ૧૯૧૨માં મુંબઈની વિખ્યાત વિક્ટોરીયા જયુબીલી ઈન્સ્ટીટયુટમાં ઓટોમોબાઈલ એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યો. ૧૯૧૪થી ૧૯૧૮ સુધી એડનની પ્રખ્યાત ફર્મમાં ગેરેજ ફોરમેન તરીકે કામ કર્યું. ત્યારબાદ ૧૯૧૯માં કચ્છ રાજયનું ગેરેજ અને આઈસ ફેક્ટરીના સુપરવિઝન માટે આસિસ્ટન્ટ મિકેનીકલ એન્જીનીયર તરીકે કચ્છ રાજયની સર્વિસમાં જોડાયા.

૧૯૭૮માં ૮૩ વર્ષની વયે શ્રી મોતીભાઈનું અવસાન થયું. પરિવારમાં એમને ચાર પુત્રો અને ચાર પુત્રીઓ હતા. ત્રણ પુત્રો હવે હયાત નથી. ચોથા પુત્ર શિવલાલ હાલે વડોદરા રહે છે. એમના પુત્રો પણ એન્જીનીયર જ છે. મોટો પુત્ર બેંગ્લોરમાં છે અને નાનો પુત્ર સ્કોટ દેશમાં વિલ્સન કંપનીમાં એન્જીનીયરપદે છે.

૧૯૨૯માં સ્વ. મોતીલાલભાઈએ પ્રથમ ડીઝલ બોટ સરીતાની ડિઝાઈન બનાવી અને એનું બાંધકામ જાતિ દેખરેખ હેઠળ પૂરું કરાવ્યું. બીજા પાંચ વર્ષ દરમ્યાન એમણે બીજી પ્રખ્યાત લોંચ 'રંગમતી' બનાવડાવી. આ લોન્ચ ખાસ મહારાવશ્રીની સહેલગાહ માટે હતી. પ્રથમવાર જયારે એ મુંબઈ અને કરાંચીના બારામાં લાંગરી ત્યારે તે વખતના અખબારોએ એની કલાત્મક ડિઝાઈન અને કચ્છી કારીગરોના કસબના ખૂબ વખાણ કર્યા.

શ્રી મોતીલાલભાઈની કાર્યકુશળતાની ખરી કસોટી બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન થઈ. જયારે એમને માંડવીમાં લગભગ જહાજવાડો ઊભો કરી, યુધ્ધ સરંજામ હેરફેર માટે બાર્જીસ બનાવ્યા. તેઓશ્રી સિવિલ એન્જીનીયરીંગ ક્ષેત્રે પણ કુશળ હતા. મુંબઈમાં મહારાવશ્રી માટે 'દરિયા મહેલ'ના બાંધકામનું અને ભુજની ટંકશાળ (MINT)નું સુપરવિઝન પણ એમનું જ હતું.

મોતીલાલભાઈએ નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એમના સંતાનોને સાથે રાખીને ભુજમાં ઓટો સર્વિસ સેન્ટર ઊભું કર્યું, જે આજે પણ બુધ્ધભટ્ટી ગેરેજ તરીકે સમસ્ત કચ્છમાં જાણીતું છે. તદુપરાંત એમણે એમની જહાજ બાંધકામ પ્રવૃત્તિનો પણ વિકાસ કર્યો. ૧૯૫૧-૫૨માં એમણે કંડલા બંદર માટે ત્રણ લોંચો ડિઝાઈન કરી અને બાંધી આપી, જેના નામો હતા : લ્યુસી, લીન્ડા અને લોટસ. રંગમતી પણ કંડલા બંદરે જ કચ્છી જહાજ ડિઝાઈનીંગ અને બાંધકામના ઉત્કૃષ્ટ નમુના તરીકે અનેક મુલાકાતીઓ માટે આકર્ષણ બની રહી.

આપણી જ્ઞાતિના આવા પ્રતિભાસંપન્ન પુરૂષાર્થીને એમની જન્મજયંતિ નિમિત્તે 'સેતુ'ની નમ્ર સ્મરણાંજલિ.

શુભેચ્છા સહ....

# M/S. CHIMANLAL BHUDHUBHAI
# મે. ચીમનલાલ ભુધુભાઈ

**Prop. : Kansara Narendra Valji**

Jaipan



**ALL KINDS OF UTENSILS MERCHANT**

Kansara Bazar, Anjar (Kachchh) - 370 110.
Ph. : (O) 02836-242675, (R) 02836-241103 (M) : 94264 47676


## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - માંડવી

## હાર્દિક અભિનંદન





**કુ. નેહા હસમુખભાઈ બગ્ગા**

*S.S.C. બોર્ડમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ દસમાં સ્થાન અને સમગ્ર કચ્છ જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવવા બદલ અભિનંદન.*

**પ્રમુખ તથા કારોબારી સભ્યો**
**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ**

# અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધા

'સેતુ' દ્વારા આયોજીત ઉપરોક્ત સ્પર્ધાનો અનુભવ ખરેખર પ્રોત્સાહક રહ્યો. કચ્છના ગામડાઓમાંથી પણ બાળકોએ પોતાના બનાવેલ ચિત્રો ખાસ કુરીયરથી મોકલ્યા હતા. કુલ ૫૫ ચિત્રો કચ્છના અંતરીયાળ ગામડાઓ સહિત બાળકોએ મોકલ્યા હતા. એ જાણીને પણ હર્ષ થશે કે ૫૫માંથી ૩૧ ચિત્રો બાળાઓના હતા. ચિત્રોમાં ઘણું વૈવિધ્ય પણ હતું. ગામડાના કુદરતી દૃશ્યો તેમજ શહેરનું જીવન બંનેના સારા પ્રતિબિંબો જોવા મળ્યા.

આ ચિત્રોનું મૂલ્યાંકન કરનાર શ્રી જાદવજી સાહેબ વિખ્યાત ચિત્રકાર છે. તેઓશ્રી સી.એન. વિદ્યાલયમાં ૨૮ વર્ષ ચિત્રકળાનો અભ્યાસ કરાવ્યા બાદ છેલ્લા થોડા વર્ષોથી નિવૃત્ત થયેલા છે. બાળકો સાથે કામ કરવાનો અને બાળકોનો ચિત્રકળા પ્રત્યે અભિગમ વધે એ બાબત એમના માટે મિશન બરાબર છે. અને એટલે જ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેમજ બીજી અનેક સંસ્થાઓમાં કોઈપણ પ્રકારના માનદ્ વેતન પણ લીધા વિના તેઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક બાળકો માટે વર્કશોપનું આયોજન કરે છે અને એ માટે પૂરો સમય આપે છે.



જાદવજી સર તરીકે બાળકોના માનીતા આ ચિત્રકારની ગુજરાતમાં કલા ક્ષેત્રે સારી એવી પ્રતિષ્ઠા છે. અવારનવાર એમના ચિત્રના પ્રદર્શનોનું આયોજન પ્રતિષ્ઠિત ગેલેરીઓ દ્વારા થાય છે. તેમજ પ્રચાર માધ્યમો પણ એની સવિસ્તર નોંધ લે છે. જાદવજી સરને આ બાળકો માટે કંઈક સંદેશો આપવા વિનંતી કરતા એમણે સર્વપ્રથમ પોતાનો પ્રતિભાવ પ્રદર્શિત કરતા કહ્યું કે કચ્છના બાળકોના મોટાભાગના ચિત્રોમાં એમની કલાસુઝ દેખાય છે. સાથે સાથે એમણે કહ્યું કે કોઈપણ ચિત્રનું મૂલ્યાંકન બે દૃષ્ટિએ થવું જોઈએ. એક એમાં કાંઈ મૌલિકતા હોવી જોઈએ અને બીજું એમાં સર્જનાત્મક્તા હોવી જોઈએ.

એમણે બાળકોના વાલીઓને પણ એક સંદેશ આપ્યો કે બાળકને એની પોતાની રીતે અને અંતઃસ્ફુરણાથી એ જે કંઈ દોરે અથવા એમાં રંગો પૂરે એને જ મહત્ત્વ આપવું જોઈએ. વાલીઓએ ક્યારેય પોતાની દૃષ્ટિની દખલ ન કરવી જોઈએ કે જેથી બાળકને એના મૌલિક કાર્યનો સાચો આનંદ મળે. બાળકોએ દોરેલા ચિત્રોના આ બે ગુણો કોઈપણ અનુભવી ચિત્રકાર તરત જ પારખી શકે છે. અને એ રીતે જ એનું મૂલ્યાંકન કરે છે. સ્ટીરીયો ટાઈપ ચિત્રો પ્રથમ દૃષ્ટિએ સુંદર લાગે છતાં તે નકલ જેવા જ ગણાય. એક નીવડેલા ચિત્રકારનું આ સોનેરી સૂચન પ્રત્યેક વાલીએ એના બાળકોના સમુચિત વિકાસ માટે વાગોળવા જેવું છે.

કંસારા સમાજ અમદાવાદ આ ચિત્રસ્પર્ધા આયોજન માટે પ્રેરણા તેમજ આર્થિક સહાયતા પ્રદાન કરવા બદલ અંજારના શ્રેષ્ઠી શ્રી હરિલાલભાઈ લખમશી વીસા પરમારનો હાર્દિક આભાર માને છે. સાથે સાથે સમસ્ત બાળકોએ આપેલ પ્રોત્સાહક પ્રતિભાવ બદલ બાળકો તેમજ તેમના વાલીઓનો આભાર માને છે. જાદવજી સરના માર્ગદર્શન અને એમણે આપેલા અમૂલ્ય સમય બદલ સમાજ એમનું ઋણી છે.

ચિત્ર સ્પર્ધાઓના વિજેતાઓને સ-સન્માન પ્રમાણપત્ર તથા પુરસ્કારો આપવાનો પ્રબંધ થયે જણાવવામાં આવશે.

– *અતુલ સોની*

**નિમંત્રણ**

*વાંચકો, જેઓને ચિત્રો / કાર્ટુનો દોરવાનો શોખ હોય તેમને B.W. લાઈન ડ્રોઈંગ ચિત્રો / કાર્ટુનો મોકલવા 'સેતુ'નું નિમંત્રણ છે.*

**નિખીલ એમ. ઠક્કર**
**૯૮૨૫૫ ૩૮૦૩૨**
**શિવ કોપીયર**
**દસ્તાવેજ, પાવરનામુ, વારસાઈ નોંધ, ગાડીનું લખાણ, સાટા કરાર, ખેડૂત ખા. દાખલો, હયાતીમાં કબ્જાનું લખાણ, સોગંદનામું લખનાર**
*બેંક ઓફ બરોડાની સામે, નખત્રાણા.*
*ફેક્સ : ૨૨૧૧૯૨*

**નિમેષ એમ. ઠક્કર**
**મો. ૯૯૨૫૬ ૩૪૦૦૧**
**શિવ ઝેરોક્ષ એન્ડ કોમ્પ્યુટર**
*રામાણી માર્કેટ, વથાણ ચોક, નખત્રાણા.*
*ફેક્સ : ૨૨૩૬૧૩*

# જ્ઞાતિસેતુ અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધા-૨૦૦૭

## વિજેતાઓને હાર્દિક અભિનંદન

| | વિભાગ : "એ" (૫થી ૧૦ વર્ષ) | | | વિભાગ : "બી" (૧૧થી ૧૬ વર્ષ) | | |
|---|---|---|---|---|---|---|
| | *નામ* | *ગામ* | *વય* | *નામ* | *ગામ* | *વય* |
| • *પ્રથમ* : | હીનલ પી. પોમલ | અંજાર | ૧૦ | વિરલ જયેશભાઈ સોલંકી | નાગલપર | ૧૧ |
| • *દ્વિતીય* : | કન્હા દિલીપકુમાર કંસારા | અમદાવાદ | ૪ | નેહા હસમુખભાઈ બગ્ગા | ભુજ | ૧૫ |
| • *તૃતીય* : | દીપ પરેશભાઈ પોમલ | વડોદરા | ૯ | અમિત સુરેશભાઈ સોની | અંજાર | ૧૫ |
| • *આશ્વાસન* : | માનવ ભાવના સોની | ભુજ | ૮ | અમન પ્રકાશભાઈ બીજલાની | અમદાવાદ | ૧૪ |
| • *આશ્વાસન* : | મૈત્રી જીજ્ઞેશભાઈ સક્કરીયા | માંડવી | ૭ | લીપ્સા રમણિકલાલ કટ્ટા | નખત્રાણા | ૧૪ |
| • *સૌથી નાની ઉંમર* : | કન્હા દિલીપકુમાર કંસારા | અમદાવાદ | ૪ | | | |
| | તીર્થ લક્ષ્મીદાસ સોની | અમદાવાદ | ૬ | | | |

## સ્પર્ધામાં ભાગ લેનાર અન્ય બાળકો

*આ બાળકોનું કામ પણ ખરેખર ઉત્સાહજનક છે. એમને સહુને ભાગ લેવા બદલ અભિનંદન.* *– મુખ્ય તંત્રી*

### વિભાગ : "એ" (૫થી ૧૦ વર્ષ)

| *નામ* | *ગામ* |
|---|---|
| • મિત્તલ રમેશભાઈ સોની | નખત્રાણા |
| • વૈશાલી રમેશભાઈ સોની | નખત્રાણા |
| • હીના એ. સોની | અંજાર |
| • પ્રિયંકા એ. સોની | અંજાર |
| • પાર્થ ગંગારામ સોની | નખત્રાણા |
| • દીપ્તિ નરેન્દ્રભાઈ પરમાર | નલીયા |
| • અનિકેત હિંમતલાલ સોની | ગઢશીશા, માંડવી |
| • ગાયત્રી હિંમતલાલ સોની | ગઢશીશા, માંડવી |
| • જયહીલ ગોપાલ સોની | નાગપુર |
| • જય પંકજભાઈ સોલંકી | ભુજ |
| • નંદન નિશિથભાઈ સોની | નવાવાસ, ભુજ |
| • કૃણાલી પ્રકાશભાઈ પોમલ | અંજાર |
| • દેવાંગ રાજેન્દ્ર પોમલ | ભુજ |
| • વિધિ લક્ષ્મીદાસ સોની | અમદાવાદ |
| • નિશિ વસંતભાઈ સોની | ભુજ |
| • જયશીલ વસંતભાઈ સોની | ભુજ |
| • વિશ્વ હીરેનભાઈ બુધ્ધભટ્ટી | ભુજ |
| • શાલીન જયમીનભાઈ સોની | અમદાવાદ |

### વિભાગ : "બી" (૧૧થી ૧૬ વર્ષ)

| *નામ* | *ગામ* |
|---|---|
| • શ્રેયસ પ્રફુલભાઈ કંસારા | નખત્રાણા |
| • રાજ દિનેશકુમાર સોની | નવાવાસ, નખત્રાણા |
| • ખુશાલી દિનેશભાઈ સોની | નવાવાસ, નખત્રાણા |
| • રિધ્ધિ રમેશભાઈ સોની | નખત્રાણા |
| • ફોરમ બી. પરમાર | અમદાવાદ |
| • વૈશાલી ગણેશભાઈ હેડાઉ | માંડવી |
| • નેન્સી હેમેન્દ્રભાઈ કંસારા | નખત્રાણા |
| • પ્રિયા નીતિનભાઈ સોલંકી | ભુજ |
| • ચાંદની પ્રવીણભાઈ સોલંકી | નાગલપુર |
| • મીનલ જયેશભાઈ સોલંકી | નાગલપુર |
| • રોહન કૈલેશભાઈ સોની | માધાપર |
| • પ્રેરણા ગોપાલભાઈ સોની | નાગપુર |
| • દીપ્તિ રાજેન્દ્ર પોમલ | ભુજ |
| • ઉર્વશી રાજેન્દ્ર પોમલ | ભુજ |
| • અમન મહેશભાઈ બારમેડા | ભુજ |
| • જીજ્ઞેશ પી. બુધ્ધભટ્ટી | ભુજ |
| • નિખિલ નરોત્તમકુમાર પોમલ | વાંકુ |
| • કીર્તન અનિલભાઈ સોની | અંજાર |
| • દામિની નરોત્તમભાઈ છત્રાળા | અંજાર |
| • મોહિત દિલીપભાઈ બીજલાની | ભુજ |
| • મિત જી. પોમલ | ભુજ |
| • શિવાની જગદીશભાઈ પોમલ | ભુજ |
| • ચાર્મિ અતુલભાઈ સોની | ભુજ |
| • વૈભવ ચંદ્રકાંત બુધ્ધભટ્ટી | ભુજ |
| • સુમિત્રા મહેશભાઈ પોમલ | ભુજ |
| • કવિતા મહેશભાઈ પોમલ | ભુજ |
| • દેવાંગી વિજયભાઈ બુધ્ધભટ્ટી | ભુજ |

*વાંચકોને એ જાણીને હર્ષ થશે કે સ્પર્ધામાં છોકરાઓ કરતાં છોકરીઓ અધિક (૩૧-૨૪નો અનુપાત) જે આપણા સમાજમાં બેટી-સન્માન ભાવનાનું દ્યોતક છે.*

# પરસ્પર વિશ્વાસ.... સેતુની અમૂલ્ય મૂડી

## વાત એક નાની... આપણી અને આપણા સેતુની...

એક અંદાજ મુજબ સમગ્ર દેશમાં કચ્છી મારૂ કંસારા સોની સમાજના લગભગ ૨૫૦૦ પરિવારો વસે છે. કચ્છના નાના ગામોથી માંડી મહાનગરોમાં વસતા પરિવારો વચ્ચે સંવાદ અને સહકારની ભાવના વિકસે તે હેતુથી જ્ઞાતિ સમાજનું મુખપત્ર 'સેતુ' પ્રસિધ્ધ કરવાનું બીડું અમદાવાદ જ્ઞાતિએ ઝડપ્યું. ઉચ્ચ ગુણવત્તાવાળું મુખપત્ર ચલાવવાનું કાર્ય શરૂઆતથી જ પડકારરૂપ જણાતું હતું. આનંદની વાત એ છેકે આજે સેતુ સર્વે સામાન્ય જ્ઞાતિજનથી માંડી જ્ઞાતિ સમાજના અગ્રણીઓ, દાતાઓ, શ્રેષ્ઠીઓ અને ખાસ કરીને જ્ઞાતિના યુવા અને બાળ વર્ગનો વિશ્વાસ મેળવી શકેલ છે. જ્ઞાતિજનોનો વિશ્વાસ અમારા માટે અમૂલ્ય મૂડી છે. જ્ઞાતિ સંસ્થાઓની પ્રગતિ અને પ્રવૃત્તિની નિષ્પક્ષ રજુઆત, પરિવારજનોને જ્ઞાન અને ગમ્મતની સાથે સાથે સમાજમાં રહેલ પ્રતિભાઓને યોગ્ય મંચ આપવાનું સેતુનું ધ્યેય રહેલ છે.

દેશના વિવિધ શહેરોમાં સેતુની પ્રગતિ માટે નિ:સ્વાર્થભાવે કાર્ય કરતા 'માનદ્ સેતુ પ્રતિનિધિઓ', સહયોગીઓ અને અમદાવાદની સેતુ ટીમના અથાક પરીશ્રમથી 'જ્ઞાતિસેતુ'એ માત્ર આપણા સમાજમાં જ નહીં પણ સમાજ બહાર પણ આપણી પ્રતિભા ને પ્રતિષ્ઠા અપાવી છે.

'જ્ઞાતિસેતુ' બિનવ્યવસાયીક ધોરણે ચલાવવામાં આવે છે. વાર્ષિક માત્ર રૂા. ૧૦૦/- લવાજમ લેવામાં આવે છે. પ્રથમ વખત લવાજમ ભરી સભ્ય થનારે દર વર્ષે લવાજમ રીન્યુ કરાવવાનું હોય છે. વહીવટી હિસાબની સરળતા માટે પ્રથમ લવાજમ બાદ રીન્યુઅલ કરાવવાનું થાય ત્યારથી નાણાંકીય વર્ષ એપ્રિલથી માર્ચ મુજબ ગણતરી કરી રીન્યુઅલની રકમ લેવામાં આવે છે. જેમના સભ્યપદને વર્ષ પુરૂં થયેલ હોય તેમને રીન્યુઅલ માટે 'સેતુ' દ્વારા જણાવવામાં આવેલ છે. હાલમાં અંજાર, માધાપર, નખત્રાણા વિગેરે વિસ્તારમાંથી લગભગ તમામ રીન્યુઅલ આવી ગયેલ છે. અન્યત્ર હજુ પૂરતા પ્રમાણમાં રીન્યુઅલ આવેલ નથી. આથી સભ્યોને વ્યક્તિગત પત્રો લખી સભ્યોને સમયસર રીન્યુઅલ માટે હાર્દિક વિનંતી કરેલ છે. આ અંગે સેતુના સ્થાનિક પ્રતિનિધિ અથવા શ્રી જયમીનભાઈ સોની (જે. જે. જ્વેલર્સ, સુપરમોલ, સી.જી. રોડ, અમદાવાદ. મો. ૯૮૨૪૫ ૪૬૬૫૦)નો સંપર્ક કરવા વિનંતી છે.

જ્ઞાતિ પરિવારો પર અમારો અપાર વિશ્વાસ હોવાથી જેમનું રીન્યુઅલ આવેલ નથી તેમને પણ અંક મોકલવાનું હજુ બંધ કરેલ નથી. આશા છે કે સમયસર રીન્યુઅલ દ્વારા તેઓ તેમનું સભ્યપદ જાળવી રાખશે. અત્રેથી રીન્યુઅલ માટે પત્રો મોકલાવ્યા બાદ જો રીન્યુઅલની બાકી રકમ જમા નહીં કરાવવામાં આવે તો હવેથી અનિચ્છાએ પણ તે સભ્યને અંક મોકલવાનું બંધ કરવું પડશે.

### "સેતુ ગીત"

*'સેતુ' પ્રગટે દર બે માસે*
*પહોંચે સહુ પરિવાર પાસે*
*'જ્ઞાતિ ગૌરવ ગાતું, ઉલ્લાસે,*
*એ સહુને વહાલું ભાસે.*
*સગા સંબંધી જે દૂર કે પાસે*
*સહુ સાથે 'સંવાદ' પ્રયાસે*
*શુભ-ચિંતન સંસ્કાર વિકાસે*
*શિક્ષણ જ્યોત ઉજાસે.*
*બાળ, તરૂણ, યુવા, વડીલને વૃધ્ધાવાસે,*
*'સેતુ' સંગત રૂડી ભાસે.*

**મોસમી કંસારા - અંજાર**

જ્ઞાતિસેતુમાં આપણી જ્ઞાતિના બાળકો, યુવાનો, મહિલાઓ તથા અનુભવી વયસ્કો દ્વારા મોકલવામાં આવતા લખાણ, લેખો, વાર્તાઓ, જ્ઞાન ગમ્મત, કાર્ટુન, કવિતાઓને સ્થાન આપવામાં આવે છે. કૃતિઓ મોકલનાર લેખકોને વિનંતી છે કે તેઓ તેમની રચના સુંદર અક્ષરે, પાનાની માત્ર એક જ બાજુએ લખીને જ મોકલાવે. સ્પર્ધાના જવાબો પોસ્ટકાર્ડ દ્વારા પણ મોકલાવી શકાય છે. સ્પર્ધાના જવાબો સાથે એક જ પાના પર અન્ય કૃતિઓ મોકલવી નહીં.

***અંતમાં એક વિચાર....***

***"સેતુ પહોંચે સર્વે જ્ઞાતિજનોના દ્વાર***
***જો મળે સહુનો સબળ સહકાર..."***

અમારી એવી ભાવના છે કે સમાજનું મુખપત્ર સેતુ દરેક પરિવારના ઘેર પહોંચે અને તે પણ વિનામૂલ્યે, અથવા માત્ર ટોકન કિંમતે... શું ભવિષ્યમાં આ શક્ય બની શકે? આ માટે વ્યવસ્થા કઈ રીતે થાય? આ અંગે આપના વિચારો - મંતવ્યો મોકલવા વિનંતી છે. "સૌના સહકારથી સર્વાંગી વિકાસ" સુત્ર સાકાર થાય તેવી આશા સહ.

***વ્યવસ્થાપક સમિતિ 'જ્ઞાતિસેતુ'***

# ભાવતાં ભોજન

• સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ •

## ફાસ્ટ ફુડ

### ફ્રેન્કી

*સામગ્રી :* ૨૫૦ ગ્રામ મેંદો, ૧ કિલો બટેટા, ૩૦૦ ગ્રામ ડુંગળી, મીઠું, લાલ મરચું, આમચુર, પાવડર, ૨ ટે.સ્પૂન આદુ મરચા કોથમીરની પેસ્ટ, ગરમ મસાલો, હીંગ, તેલ.

*બનાવવાની રીત :* સૌ પ્રથમ મેંદામાં મીઠું તેમજ પાણી નાખી પુડલા જેવું ખીરૂં બનાવવું અને આ ખીરાને અડધી કલાક રહેવા દેવું. ત્યારબાદ બટેટા બાફી, તેનો છુંદો કરી તેમાં લાલ મરચું, હીંગ, ગરમ મસાલો, આદુ મરચા કોથમીરની પેસ્ટ તેમજ કિસમીસ નાખી તેનો માવો બનાવી અલગ રાખવું. ડુંગળીને ઝીણી સમારી તેમાં મીઠું મરચું આમચુર પાવડર નાખી હલાવી સાઈડમાં રાખવી.

ત્યારબાદ મેંદાના ખીરાથી તવી પર પાતળું પુડલુ બનાવી તેના પર એક સાઈડમાં બટેટાનો માવો તેમજ બાજુમાં સમારેલી ડુંગળી ગોઠવી પુડલાને ફોલ્ડ કરી થોડીવાર ગરમ થવા દેવું. નીચે ઉતારી તેના પર ટામેટા સોસ રેડી ખાવાના ઉપયોગમાં લેવું.

### બર્ગર

*સામગ્રી :* ૫ મધ્યમ સાઈઝના બટાટા, ૩ ટે.સ્પૂન માખણ, ૫૦૦ ગ્રામ બટાટા, પ્રમાણસર મીઠું, મરચું, ગરમ મસાલો, ૧ ટે.સ્પૂન આદુ મરચા કોથમીરની પેસ્ટ, ૧ ટે.સ્પૂન તપકીર, નાની કટોરી ટામેટા સોસ, નાની કટોરી ગ્રીન ચટણી, ૫ સ્લાઈસ ચીઝ, ૫ કોબીના મોટા પાન, ૨૫૦ ગ્રામ ડુંગળી, ૨૫૦ ગ્રામ કાકડી, ૨૫૦ ગ્રામ ટામેટા.

*બનાવવાની રીત :* સૌ પ્રથમ બનને વચ્ચેથી કાપી બે ભાગ અલગ પાડવા. બટેટાને બાફી તેનો માવો બનાવી તેનામાં મીઠું, મરચું, ગરમ મસાલો, આદુ મરચાની પેસ્ટ, તપકીર નાખી બનની સાઈઝની પેટીસ બનાવી તેલમાં સાંતળવી. ડુંગળી, કાકડી, ટામેટાને રાઉન્ડમાં સમારવા. બનની સાઈઝના કોબીના પાન અલગ રાખવા. ટામેટા સોસ તેમજ ગ્રીન ચટણી સાઈડમાં રાખવી.

ત્યારબાદ બનના એક ભાગ પર સૌપ્રથમ માખણ લગાવી તેના પર ગ્રીન ચટણી તથા ટામેટા સોસ લગાવવું. તેના પર ડુંગળી કાકડી ટામેટાની સ્લાઈસ ગોઠવવી. તેના પર પેટીસ મૂકી ચીઝની સ્લાઈસ તેમજ કોબીનો પાન ગોઠવવું. ફરી તેના પર ડુંગળી, કાકડી, ટામેટાની સ્લાઈસ ગોઠવી ગ્રીન ચટણી તથા ટામેટા સોસ લગાવવું. ત્યારબાદ બનના બીજા ભાગ પર થોડું માખણ તેમજ ગ્રીન ચટણી, સોયા સોસ લગાવી બનને પેક કરી દેવું. ત્યારબાદ આખા બનને ફ્રાયપેન અથવા નોન સ્ટીક તવી પર માખણ લગાવી બનને ૨ મિનિટ શેકવું. બન શેકાઈ જાય ત્યારે તેના ચાર પીસ પાડી ઉપર ટુથપીક લગાવી ટામેટા સોસ સાથે સર્વ કરવું.

### હૈદ્રાબાદી બ્રેડ રોલ્સ

*સામગ્રી :* ૧ પેકેટ બ્રેડ, ૫૦૦ ગ્રામ ચણાનો લોટ, નાની કટોરી માખણ, નાની કટોરી ગ્રીન ચટણી, નાની કટોરી ટામેટા સોસ, મીઠું, ચપટી સોડા, તળવા માટે તેલ.

*બનાવવાની રીત :* સૌપ્રથમ ચણાના લોટમાં પ્રમાણસર મીઠું, થોડી હળદર, ૧ સ્પૂન ગરમ તેલ, ચપટી સોડા તેમજ પ્રમાણસર પાણી નાખી ઘટ્ટ પેસ્ટ બનાવવી. ત્યારબાદ ત્રણ બ્રેડ લેવી. એક બ્રેડ પર પ્રથમ માખણ લગાવી ગ્રીન ચટણી પાથરવી. તેના પર બીજી બ્રેડ ગોઠવી માખણ તેમજ ટામેટા સોસ લગાવવું. ફરી તેના પર ત્રીજી બ્રેડ ગોઠવવી. આ રીતે ત્રણેય બ્રેડને છૂટી ના જાય એ રીતે દબાવવી. ત્યારબાદ તે બ્રેડને ચણાના લોટની પેસ્ટમાં બોળી ગરમ તેલમાં તળવી. બ્રેડને તળ્યા બાદ તેના ત્રણથી ચાર લાંબા પીસ પાડવા.

આ આઈટમ સ્વાદ તેમજ દેખાવામાં ખૂબ જ સરસ લાગે છે.

### માવા ડ્રાયફ્રુટ સરપ્રાઈઝ

*સામગ્રી :* ૧/૨ વાટકી કાજુનો ભૂકો, ૧/૨ વાટકી બદામનો ભૂકો, ૨૦૦ ગ્રામ માવો, ૧૫૦ ગ્રામ પીસેલી ખાંડ + બીજી નાની વાટકી ખાંડ, રોઝ એસેંસ, પરવળ (૧૨-૧૩) છોલી બીયા કાઢેલા, લાલ અને લીલો ફૂડ કલર.

*રીત :* માવાને કડાઈમાં શેકી લેવો. પથી ૭ મિનિટ તેમાં પીસેલી ખાંડ, કાજુ-બદામનો ભૂકો મિક્સ કરી ઉતારી લેવો. બીજા વાસણમાં પાણી દોઢ ગ્લાસ જેટલું ઉકાળીને તેમાં ખાંડ, લીલો કલર અને રોઝ એસેંસ નાંખી ખાંડ ઓગળે કે પરવળ વચ્ચે કાપો મૂકી બીયા કાઢી તેમાં નાખવા. ૧૫-૨૦ મિનિટ ધીમા તાપે ચડવા દેવું. પરવળ ચડી જાય કે ઉતારી, ૩-૪ કલાક એમ જ રહેવા દેવું. ત્યારબાદ એક પ્લેટમાં નિતારી કાઢવા. માવાના મિશ્રણમાં લાલ કલર નાખી પરવળમાં ભરી ઉપર વરખ ચોંટાડી ફ્રિજમાં દોઢ કલાક મૂકી સર્વ કરવા.

***વૈશાલી ડી. સોની - તલોદ***

# સૌંદર્ય નિખાર

• શ્રીમતી નિમિષા દિલીપકુમાર કટ્ટા - આદિપુર •

દરેક સ્ત્રી ઈચ્છે છે કે તે ખૂબ સુંદર દેખાય પણ આ સુંદરતાને નિખારવા બહેનો બ્યુટીપાર્લર પાછળ ધૂમ ખર્ચાઓ કરે છે. પરંતુ અહીં ઘરે બેઠા તમારા સૌંદર્યને નિખારી શકો તેની આ રહી મહત્ત્વની ટીપ્સ.

- કાચા દૂધમાં કેસર ભેળવીને લગાડો.
- કાકડીના રસમાં લીંબુનો રસ અને ચપટી હળદર ભેળવી તેને રૂ વડે ચહેરા તથા ગરદન ઉપર લગાડો. એક કલાક પછી પાણીથી ધોઈ નાખો. થોડા જ સમયમાં તમારા ચહેરાના રંગમાં આશ્ચર્યજનક ફેરફાર દેખાઈ આવશે.
- ચહેરા પર ફોડલીઓ દૂર કરવા ચંદન, લવિંગ, લીમડાનો લેપ ખૂબ ફાયદાકારક નીવડે છે.
- લીંબુનો રસ પાણીમાં ભેળવી, મોઢું ધોવાથી ચહેરાની કરચલી અને ડાઘ-ધાબાની સમસ્યા દૂર થાય છે.
- આંખોની ચારેબાજુ કાળા ડાઘ પડી ગયા હોય તો તેના પર નિયમિત કોબીના પાનનો રસ લગાડો.
- દહીંનું પાણી ચહેરા પર અથવા ગુલાબની પાંખડીઓને વાટી હોઠ પર લગાડવાથી રૂક્ષ હોઠ કોમળ બને છે.
- સંતરાની છાલને સૂકવી, ચૂર્ણ બનાવવું. પાતળા કપડાથી ચાળી તેમાં ચણાનો લોટ ભેળવી ઉબટન બનાવવું અને તે ચહેરા પર લગાડવું. ડાઘ અને કરચલી દૂર થાય છે.
- લવિંગ, મુલતાની માટી, કપૂર અને લીમડાના પાન વાટી તેનો લેપ ચહેરા પર લગાડવાથી ફોડકી દૂર થશે.
- સફેદ ચમેલીના તાજા ફૂલો લસોટી, આંખ ઉપર સફેદ કપડાનું પૂમડા સાથે પેસ્ટ મૂકો. આંખ નીરોગી બને છે.
- હોઠને ગુલાબી બનાવવા દરોરજ બીટનો રસ હોઠ પર લગાવો. તો હોઠ મુલાયમ અને ચમકીલા બનશે.
- બે ચમચી પપૈયાના માવામાં દસ ટીપા લીંબુનો રસ ભેળવી ચહેરા પર ઘસવાથી કાળાશ દૂર થાય છે અને સૌંદર્ય ઉઘડે છે.

## મેક-અપ

મેક-અપ કેવી રીતે કરવું એ જોઈએ. ઘણી મહિલાઓ ચહેરા પર લાલ-ગુલાબી રંગના એટલા બધા થપેડા કરતી હોય છે કે સુંદર દેખાવાને બદલે તેનો ચહેરો હાસ્યાસ્પદ લાગે છે. મેક-અપ બરાબર હોય તો હાસ્યાસ્પદ બનાતું નથી.

- મેક-અપ કરતી વખતે રૂમમાં થોડું પણ અંધારૂં હોય તો મેક-અપ કરતી વખતે ઘેરો રંગ સ્પષ્ટ જોઈ શકાતો નથી. માટે મેક-અપમાં ભૂલ થઈ જતી હોય છે. પૂરતા ઉજાશમાં મેક-અપ કરવો.
- ફાઉન્ડેશન રંગ નિખારવા માટે વાપરવામાં આવે છે. તેથી સ્કીન ટોનને મેચ ખાતા રંગનો ફાઉન્ડેશન પસંદ કરવો.
- જો તમે બે વરસ પહેલા કરતા હતા તેવો જ મેક-અપ આજે પણ કરતા હો તો હવે તમારે મેક-અપ બદલવાની જરૂર છે. સમયની સાથે મેક-અપ, ફેશન, કપડાની ડિઝાઈન, રંગ, સ્ટાઈલ, સઘળું બદલવું જરૂરી છે.
- ખાસ કરીને ફાઉન્ડેશન, મસ્કરા વગેરેને થોડા થોડા સમયે બદલતા રહેવું. વધુ પડતા જૂના કોસ્મેટીક્સને વાપરવાથી ત્વચાને ઈન્ફેક્શન લાગવાની શક્યતા રહે છે.
- વધુ પાતળી આઈબ્રો દરેક મહિલાને શોભતી નથી. તેથી વગર વિચાર્યે આઈબ્રો વધુ પડતી પાતળી કરવી નહીં.
- ઘણી મહિલાઓ પોતાનો મેક-અપ આઉટફીટ સાથે મેચ કરતી હોય છે. ઘણી વખત તો આવા મેચીંગથી ચહેરો ભદ્દો દેખાય છે. મેચિંગ શેડ લગાડવાને બદલે જે રંગ શોભતો હોય તે જ રંગ લગાડવો. મેક-અપ કરતી વખતે ફક્ત આટલી બાબતોનું ધ્યાન રાખવાથી ચહેરો સુંદર દેખાશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## સુખ ક્યાં અટવાયું?

એક યુવાને રોજી રોટી કમાવા પોતાનું ગામ છોડ્યું. ગામના મોટા મોટા ૫૦-૧૦૦ માણસો રહી શકે એવા મકાન મૂકી મુંબઈની દસ બાય દસની ધોલકીમાં ભરાયો. પારિવારિક જીવન છોડી એકલવાયું જીવન જીવવાનું ચાલુ કર્યું. આવા તો કેટલાય સગા મા-બાપને મૂકીને અહીં આવ્યા, તો કેટલાક તાજી પરણેલી સ્ત્રીને મૂકીને પણ અહીં આવ્યા અને જે લઈને આવ્યા તે પણ સપરિવાર અટવાણા. રોજ સવારે ઘડિયાળના કાંટે ઉઠવાનું, ઘડિયાળના કાંટે નહાવાનું, ઘડિયાળના કાંટે ગાડી પકડવા પ્લેટફોર્મ પર પહોંચવાનું, ઘડિયાળના કાંટે કામે જવાનું અને ઘડિયાળના કાંટે ઘરે આવવાનું. ઘરની વાતચીત પણ ઘડિયાળના કાંટા જોઈને કરવાની અને છેવટે સૂવાનું પણ ઘડિયાળના કાંટાના આધારે. કેવી યંત્રવત્ જીંદગી? ક્યાંય પોતાની સ્વતંત્રતા કે હળવાશનું નામ નહીં.

બિચારો સવારના પહોરમાં હાંફળોફાંફળો થઈ ઉઠ્યો, રઘવાટમાં ને રઘવાટમાં ચા-પાણી કરી તૈયાર થયો. રઘવાયો ઘરથી નીકળ્યો, રઘવાયો દોડ્યો. પાછળના ધક્કાથી ગાડીમાં ભરાણો. બકરાની જેમ અંદર ભીંસાણો, ઉનાળાની ગરમીમાં બફાણો. કલ્પનામાં ન આવે એવા સફોકેશનમાં મુંઝાણો. જગ્યા ન મળી એટલે સળીયે ભેરવાયો. વચ્ચે થાંભલો આવ્યો ને ભટકાણો ને પરલોકની વાટે સિધાવ્યો. એમાં જો બચી ગયો તો પાછળના ધક્કાથી સ્ટેશન ઉપર હલવાણો. શ્વાસ લેવાનું, જીવવાનું રઘવાયા રઘવાયા બનીને. રઘવાયા બનીને દુકાને પહોંચવાનું. કેટલાયને સલામ ભરવાની. કેડ તોડીને કામ કરવાનું. સાંજ પડે એટલે એ જ રીતે રઘવાયા રઘવાયા દોડવાનું. ગાડીમાં ભરાવાનું. છેલ્લા સ્ટેશન ઉપર ઠલવાવાનું. અને એ રીતે હાડકા પાંસળા એક કરીને ઘરે પહોંચવાનું. આવામાં સુખ ક્યાં અટવાયું?

*નીતિન સોની - અમદાવાદ*

# જ્ઞાતિ ગૌરવ

## કુ. પ્રાજ્ઞી ચંદુલાલ પરમાર



આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થા A Better Earth Organizationના ઉપક્રમે Institute for Human Studies દ્વારા પર્યાવરણ સંબંધિત વૈશ્વિક સંમેલન - જે હાલમાં University of California, Barkley, ૨૧ જુલાઈ, ૨૦૦૭ યુ.એસ.એ. ખાતે આમંત્રિત થવાનું સદ્દભાગ્ય અને ગૌરવ કુ. પ્રાજ્ઞી ચંદુલાલ પરમારને મળતાં આપણી જ્ઞાતિ, સમાજ તથા રાજય માટે પ્રસ્તુત અને પ્રવર્તમાન યુગની પુરસ્કૃત સમાજ માટે આનંદ અને અભિનંદનને યોગ્ય છે.

કુ. પ્રાજ્ઞી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેક્નોલોજીમાં B.E. (Civil Engineering), M.E. (Civil Engineering), Environmental પ્રથમ વર્ગ સાથે GATE સ્કોલર બની વિશિષ્ટ સ્નાતક અને અનુસ્નાતક બન્યા છે. તેમણે યુ.કે. Government Environment Agencyમાં આશરે બે વર્ષની વિશિષ્ટ સેવાઓ આપી, હાલમાં યુરોપની વિખ્યાત પર્યાવરણ કન્સલ્ટીંગ સંસ્થામાં પોતાની વિશિષ્ટ સેવાનું યોગદાન આપી રહ્યા છે.

કુ. પ્રાજ્ઞીનાં માતુશ્રી શ્રીમતી ડૉ. મૃદુલાબેન ઇતિહાસમાં સંશોધન કરી ડોક્ટર પદવી Ph.D. મેળવી છે. તેમના પિતાશ્રી ચંદુલાલ પરમારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગ્રંથાલયમાં સેવાઓ આપી હાલ નિવૃત્ત પણ શિક્ષણ અને સંશોધન ક્ષેત્ર સાથે સંકળાયેલા રહ્યા છે.

તેમના વરિષ્ઠ ભગીનીબેન કુ. કોમલ પણ ઇંગ્લેન્ડની વિખ્યાત યુનિવર્સિટી UEA, Norwichમાં રહીને Masters Degree in Bioinformaticsની પદવી પ્રાપ્ત કરી છે.

કુ. પ્રાજ્ઞીના પર્યાવરણ સંબંધિત ઘણા નિબંધો ઉપર્યુક્ત સંસ્થામાં સ્વીકૃત થયા છે. તેમનાથી પ્રભાવિત થઈને એ સંસ્થાઓ એમને સેમિનાર માટે માનસભર આમંત્રણ પાઠવ્યું છે. કુ. પ્રાજ્ઞી આ સંસ્થાની મુલાકાતે જશે, જ્યાં એને વિશ્વના શ્રેષ્ઠ પર્યાવરણવિદોના સાનિધ્યમાં જ્ઞાનગોષ્ઠી અને વૈચારિક વિનિમયનો અમૂલ્ય લાભ લેવા મળશે.

પ્રાજ્ઞી અને એમના માતા-પિતાને પ્રાજ્ઞીની આ જવલંત સફળતા બદલ 'સેતુ'ના હાર્દિક અભિનંદન.

**આપની આસપાસ કે બીજે રહેતા આપના સ્વજનો સેતુ વાંચે છે? ન વાંચતા હોય તો એમને એ વાંચવા માટે આપો અને સેતુ પરિવારમાં સામેલ થવા આગ્રહ કરો.**

## કિશોરીમંડળ - ભુજ, કચ્છ BAPSનું ગૌરવ



### આરોહી વી. પરમાર

બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થાની શતાબ્દી વર્ષ નિમિત્તે યોજાઈ રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને અધિવેશન તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ ગયું. કિશોરીમંડળની કુ. આરોહી ભરતભાઈ પરમારે, ત્યાં યોજાયેલી સંવાદ પ્રશ્નોત્તરી, ધિ-પ્રસંગ વર્ણન અને કીર્તનગાન જેવી અનેક સ્પર્ધાઓમાં ભાગ લીધેલ. જેમાંથી કીર્તનગાન સ્પર્ધામાં અખિલ ભારતીય કક્ષાએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ. સંગીતાબેન ઠક્કર અને સંગીતાબેન રાજપુતના માર્ગદર્શન હેઠળ કચ્છમાંથી ૧૭ અને અમદાવાદ ખાતે લગભગ ૪૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ. તાલુકા, જીલ્લા એ રીતે ક્રમશઃ યોજાયેલ આ સ્પર્ધામાં વિજેતા થવા બદલ ભુજ મંદિર દ્વારા મહિલા મંડળ દ્વારા સન્માન કરવામાં આવેલ. ચિ. આરોહીને તેની આ સિધ્ધિ બદલ સત્સંગીઓ અને શુભેચ્છકો તરફથી અભિનંદન મળી રહ્યા છે.



### પ્રવીણાબેન વિજયકુમાર બુધ્ધભટ્ટી

તેઓ નાની બચત એજન્ટ, પોસ્ટ રીકરીંગ એજન્ટ છે. એમનું સરનામું : એમ.એસ.વી. હાઈસ્કુલ પાછળ, વાગડીયા વાડી, નવા વાસ, માધાપર. મો. ૯૩૭૪૩ ૩૯૮૯૩) સુશ્રી પ્રવીણાબેન ઈનરવ્હીલ ક્લબ - માધાપરના પ્રેસીડેન્ટ (જુન-૨૦૦૬થી જુલાઈ-૨૦૦૮) છે.





### વિદેશ ગમન

મૂળ અંજાર (કચ્છ)નાં હાલે આદિપુર સ્થાઈ થયેલા શ્રી રસીકલાલ આર. મહિચા અને તેમના પત્ની શ્રીમતી ઈન્દુબેન આર. મહિચા તેમના સુપુત્ર શ્રી નિશાંત આર. મહિચા અને પુત્રવધૂ શ્રીમતી આનંદી મહિચા બોસ્ટન (યુ.એસ.એ.)માં રહે છે તેમને મળવા બોસ્ટન ગયેલ છે. પ્રો. રસીકલાલ મહિચાએ શિક્ષણ ક્ષેત્રે ગણનાપાત્ર સેવાઓ પ્રદાન કરેલ છે. તેઓશ્રીએ આદિપુરમાં તોલાણી કોલેજ તથા મુંબઈમાં પણ નામાંકિત કોલેજોમાં સેવાઓ પ્રદાન કરેલ છે. તેઓશ્રી હાલમાં શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની સમાજ મહામંડળના શિક્ષણ સમિતિનાં કન્વીનરપદે સેવાઓ આપી રહ્યા છે. અભિનંદન સાથે શુભેચ્છાઓ.

# ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન

• નરેન્દ્ર સોની – દેવપર (યક્ષ) •

સદીઓથી માણસને પોતાનું ભવિષ્ય જાણવાની ઉત્કંઠા રહી છે. ગ્રહો કે જ્યોતિષમાં શ્રધ્ધા ન રાખનારો પણ અખબારોમાં આવતી રાશિ ભવિષ્યની કોલમો તરફ નજર નાંખી લેતો હોય છે. દુઃખના દહાડા શરૂ થાય ત્યારે ગ્રહોને રીઝવવાનાં ખેલ શરૂ થઈ જાય છે. સારા જ્યોતિષ ચોક્સાઈપૂર્વકની કુંડળી તૈયાર કરવા માટે કોમ્પ્યુટરનો ઉપયોગ પણ કરે છે. કેટલા સારા કર્મો કર્યા, કેટલા ખરાબ કર્મો કર્યા એની નોંધ ઉપરવાળા પાસે તો છે જ, પણ માણસ પોતે પણ એ બરાબર જાણતો હોય છે. માણસે કેટલી પ્રગતિ કરી. પક્ષીની જેમ ઉડતા શીખ્યો, માછલીની જેમ રત્નાકરમાં ડૂબકી મારતા શીખ્યો, ચાંદામામાની પીઠ પર પણ જઈ બેઠો! પોતાના ફાયદા માટે અન્યને નુકસાન કરી શકે તેવી અવનવી તકનીકો પણ શીખ્યો! શું મેળવ્યું? શું ગુમાવ્યું? સારા ગ્રહો (કાર્યો) ખરાબ ગ્રહો (કાર્યો)નાં સરવાળા બાદબાકી કરવા માણસે કોમ્પ્યુટરની મદદ લીધી. મારૂં ભવિષ્ય બતાવ? કોમ્પ્યુટરે સાચી વાત કરી. તારૂં ભવિષ્ય હું બતાવી શકું નહીં કારણકે મારૂં ભવિષ્ય પણ તારા હાથમાં છે. વાત પણ સાચી છે. માણસનું ભવિષ્ય ગ્રહો, જ્યોતિષ કે કોમ્પ્યુટર પાસે નથી; તેના પોતાના હાથમાં છે. સમય પસાર થયા કરે છે. આજનો દિવસ આવતીકાલે ભૂતકાળ બની જવાનો છે. કાળા માથાના માનવી માટે કશુંય અશક્ય નથી. બસ ફક્ત શરૂઆત કરવાની જરૂર છે. ગમે તેટલી લાંબી સફરની શરૂઆત તો એક ડગલાથી જ થાય છે. ગમે તેટલી નીત નવીન શોધો થયા કરે એનો શોધનાર પણ માનવ જ છે. અને માનવ જ આ પૃથ્વી પર ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે!

*વીતેલા વર્ષોની*
*રોજનીશીનાં,*
*પાના ઉથલાવીને*
*પાન, બીડી, સીગારેટ, તમાકુ*
*મમળાવતો*
*વ્યયનાં આંકડાઓની*
*સરવાળા બાદબાકી કરીને*
*વર્તમાનની બચતનો પોર્ટફોલીયો*
*કોમ્પ્યુટરને સોંપીને*
*ભવિષ્ય જાણવાની ઈંતેજારી સાથે*
*ચાંપ દબાવી*
*તો જવાબ મળ્યો કે :*
*મૂર્ખના સરદાર,*
*કરે છે સમયનો બગાડ.*
*તારૂં ભવિષ્ય હું*
*બતાવી શકું નહીં*
*કારણકે*
*મારૂં ભવિષ્ય પણ*
*તારા હાથમાં છે!*

***न ही ज्ञाने नं सदसं पवित्र मिह विधते!***

આ સંસારમાં જ્ઞાન સમાન કોઈપણ પવિત્ર વસ્તુ નથી.

*– શ્રીમદ્ ભગવદ્ ગીતા*

## આંતરરાષ્ટ્રીય મેનેજમેન્ટ કાર્યક્રમમાં અરૂણભાઈ કંસારાની પસંદગી



ગુરગાંવ સ્થિત મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ એન્ડ વેલ્થ ક્રીએશન વીથ ગ્લોબલ પર્સ્પેક્ટીવ પરના મેનેજમેન્ટ ડેવલપમેન્ટ કાર્યક્રમમાં ઈફકોના જોઈન્ટ જનરલ મેનેજર શ્રી અરૂણકુમાર ઠાકરશીભાઈ કંસારાની પસંદગી થઈ હતી.

એ વૈશ્વિક સ્તરના કાર્યક્રમમાં ભારત તેમજ અન્ય દેશોના ટોપ લેવલના ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

શ્રી અરૂણભાઈ કંસારા નિવૃત્ત ન્યાયાધીશ, સ્વ. ઠાકરશીભાઈ કંસારાના સૌથી નાના સુપુત્ર છે. આપણી જ્ઞાતિના પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને મેનેજમેન્ટ સ્પેશિયાલીસ્ટ છે. શ્રી અરૂણકુમારને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન.

## સેતુ એજ મૈત્રી

જીવનબાગમાં મહેકતુ ફુલ છે "મૈત્રી"
હૃદયના સાગરને જોડતો પૂલ છે "મૈત્રી"
કોઈ નસીબદારનું ચમકતું નસીબ છે "મૈત્રી"
જીવન મંઝીલની ઘણી નજદીક છે "મૈત્રી"
સુધ્ધા અને વિશ્વાસનો સંગમ છે "મૈત્રી"
દુનિયાના સર્વ કલહનું મારણ છે "મૈત્રી"
જીવન સુખનું સાધન છે "મૈત્રી"
સદા ચમકતું **'સેતુ'** એવું મોતી છે, "મૈત્રી"
એટલે જ તો મેં તારી શોધી છે "મૈત્રી"

***હની કમલેશકુમાર કટ્ટા - નખત્રાણા***

## હાઈકુ

ભર બપોરે /
માણસો લડે, શ્વાન /
ઊંઘે નિરાંતે! /

કિનારે ઊભો
શંખ સૂણે, અબ્ધિનાં
ઘૂઘવાટને!

***અવની ભગવાનદાસ કોટડીયા - અંજાર***

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે : **(૧) આર્યભટ્ટ, (૨) બેંગ્લોર, (૩) જગદીશચંદ્ર બોઝ.**

સાચા જવાબો આપનાર મિત્રો છે : (૧) રીટા જે. બુધ્ધભટ્ટી - ભુજ, (૨) માનસી કોટડીયા - માંડવી, (૩) શ્રીમતી નિમિષા કટ્ટા - આદિપુર, (૪) દેવયાની બુધ્ધભટ્ટી - ભુજ, (૫) વિદુલા કટ્ટા - આદિપુર, (૬) વિનસ બી. પરમાર - ભુજ. સર્વેને ખૂબ અભિનંદન.

જે પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **વિનસ બી. પરમાર** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે. અભિનંદન.

***હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :***

૧. વિશ્વનાથ આનંદ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(૧) ક્રિકેટ, (૨) બેડમિન્ટન, (૩) ચેસ.

૨. અજંટા - ઈલોરાની ગુફાઓ કયા રાજયમાં આવેલી છે?
(૧) મહારાષ્ટ્ર, (૨) મધ્યપ્રદેશ, (૩) ગુજરાત.

૩. વૈજ્ઞાનિકો દ્વારા સૂર્યમંડળના કયા ગ્રહની માન્યતા તાજેતરમાં રદ કરવામાં આવી છે?
(૧) નેપચ્યુન, (૨) પ્લુટો, (૩) મંગળ.

*ઉપરોક્ત સવાલોના જવાબો તા. ૩૧-૭-૨૦૦૭ સુધી, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુ કાર્યાલયને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* ***પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર*** *તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*

**ગત અંકની શબ્દ કસોટીના જવાબ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ દ | શ | ૨ ર | ૩ થ | ■ | ૪ લા |
| વા | ■ | ૫ વ | ન | રા | જ |
| ■ | ૬ નિ | ■ | ગ | ■ | ■ |
| ■ | ૭ વં | દ | ના | ■ | ■ |
| ૮ અં | શ | ■ | ૯ ટ | ૧૦ કો | ૧૧ ર |
| ત | ■ | ૧૨ મા | ■ | ૧૩ ઢ | ગ |

ગત અંકની કસોટીના સાચા જવાબો આપનાર છે : (૧) રોહિણી બુધ્ધભટ્ટી - ભુજ, (૨) માનસી કોટડીયા - માંડવી, (૩) રોહન છત્રાળા - અંજાર, (૪) શ્રીમતી નિમિષા કટ્ટા - આદિપુર, (૫) વિદુલા કટ્ટા - આદિપુર, (૬) પ્રતીક હસમુખભાઈ સોની - ખેડબ્રહ્મા, (૭) રીટા જે. બુધ્ધભટ્ટી - ભુજ. તે પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **વિદુલા કટટા - આદિપુર.** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડર દ્વારા મોકલી આપવામાં આવશે.

## માનસી બાળ 'શબ્દ કસોટી'

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ |
| | ■ | ૫ | | | |
| ■ | ૬ | ■ | | ■ | ■ |
| ■ | ૭ | | | ■ | ■ |
| ૮ | | ■ | ૯ | ૧૦ | ૧૧ |
| | ■ | ૧૨ | ■ | ૧૩ | |

ઉપરોક્ત શબ્દ ચોકઠા અને આડી-ઊભી ચાવીઓના આધારે યોગ્ય શબ્દો શોધી આપનો જવાબ તા. ૩૧-૭-૨૦૦૭ સુધીમાં 'જ્ઞાતિસેતુ' કાર્યાલયમાં મોકલાવી આપશો. આગામી અંકમાં પ્રકાશિત ઉકેલ સાથે જેમના જવાબ મળતા હશે તેમના નામ 'સેતુ'માં પ્રકાશિત થશે. ભાગ્યશાળી વિજેતાને સ્વ. માનસીની સ્મૃતિમાં રૂા. ૧૦૧/-નું ઈનામ પણ આપવામાં આવશે. તો થાવ તૈયાર....

### આડી ચાવીઓ

૧. સમુદ્ર (૩) ૪. કસબ (૨)
૫. બાળકોને ખૂબ ગમે (૪) ૭. કાળજી (૩)
૮. પવન (૨)
૯. જાણીતા ગુજરાતી કવિનું ઉપનામ (૩)
૧૨. પિતા (૩) ૧૪.વ્યસન (૨)

### ઊભી ચાવીઓ

૨. ---ને અક્કલ ન હોય(૫) ૩. ખેલ (૩)
૪. હાથનું ઘરેણું, કંગન(૨) ૬. સોનું, સુવર્ણ (૩)
૮. પાચન (૩) ૧૦.એક રંગ (૨)
૧૧. એક મિશ્રધાતુ (૩)
૧૩. ગુજરાતનો વધુ વિસ્તારવાળો જીલ્લો (૨)

## આંકડા ગોઠવો

| | | |
|---|---|---|
| | | ૮ |
| | | |
| ૬ | | |

આડી હરોળ - ઊભી હરોળ અને ત્રાંસી હરોળ; જ્યાંથી ગણો ત્યાંથી ત્રણેય આંકડાનો સરવાળો ૨૧ કરવાનો છે અને તે માટે ૩ થી ૧૧ આંકડામાંથી ગમે તેનો એકવાર જ ઉપયોગ કરવાનો.

અહીં બે આંકડાઓથી શરૂઆત કરી છે. તમારે કોયડો પૂરો કરવાનો છે.

***ગૌરવ ડી. કોટડીયા - માંડવી***

*(જવાબ અન્યત્ર આપેલ છે.)*

## આપણા અવિચ્છિન્ન પરંપરા

### શ્રી સુન્ધા ચામુંડા (સચ્ચાઈ માતાજીના નૈવેદ)

**સમૂહ નૈવેદ :**

*[1]સમૂહ નૈવેદ ચૈત્ર વદ ચૌદસના માતાજીના મંદિરે કરવા.*
*અષાઢી બીજના સાંજના કરવા.*
*આસો સુદ આઠમના બપોરના કરવા (નવરાત્રી)*
*દિવાળીના રાત્રીના નૈવેદ કરવા.*
*મહાસુદ સાતમના બપોરના (નવરાત્રી)*
*ફાગણ સુદ પૂનમના સાંજના (હોળીના)*
*ચૈત્ર સુદ આઠમના બપોરે (નવરાત્રી)*
*[2]દરેક નૈવેદ કરતી વખતે શ્રી માતાજીના નૈવેદની લાપશી.*
*[3]શ્રી સુરાપુરા દાદાના નૈવેદની કાચા દારાની લાપશી.*
*[4]શ્રી ખેતરપાળ દાદાના નૈવેદ કાળા તલના નૈવેદ.*
*[5]ભાદરવા સુદ ચૌદસના સુરાપુરા દાદાના સમૂહ નૈવેદ કરવા.*

**લગ્ન પ્રસંગે :**

*લગ્ન પ્રસંગે નૈવેદ કરવા, માતાજીની પડાઈ ચડાવવી.*

**શ્રીમંત પ્રસંગે :**

*શ્રીમંત પ્રસંગે નૈવેદ કરવા, માતાજીની પડાઈ ચડાવવી.*
*પાત પથણા ઉપર ચલાવવી.*

**ઝંડા પ્રસંગે :**

*છોકરાના બાલ મુવારા (ઝંડા) પ્રસંગે નૈવેદ કરવા.*
*[6]બાલ મુવારા ઉતારી ખજૂરના નૈવેદ કરવા.*
*છોકરીના લગ્ન વખતે ઘોડા ઉપર બેસાડી ફુલીકો કાઢવો.*
*માતાજીની વાયણી ગુગરી ન પહેરવી અને ગરી (કપડા ધોવાની) ન વાપરવી.*

***— શ્રી મુકુંદલતાબેન ભોપી માં***

***સંકલનકર્તા : શ્રી જગદીશભાઈ હરિલાલભાઈ છત્રાળા***
***અને શ્રી જયેન્દ્રભાઈ છત્રાળા.***

શ્રી ગણેશ - ઉદય, ગોત્ર - પરાસર, કુળદેવી - સુંન્દા ચામુંન્ડા, વેદ - સામવેદ, પ્રવર - પારાસરઃશક્તિઃવરીષ્ઠ, શાખા - કૌથુમી, શિવ-પારેશ્વર, ભૈરવ-સિધ્ધદાતા, યજ્ઞ-ચિત્રેશ્વર, જનોઈ-પાંચ ગાંઠની.

*૧. છત્રાળા ગૌત્રના કુળદેવીનું સ્થાનક હવેલી ફળીયો, કંસારા બજાર, ભુજ મધ્યે આવેલ છે.*
*૨, ૩, ૪ : લાપશી સાથે એક એક શ્રીફળ પણ વધેરવું.*
*૫ : આ નૈવેદ્ય કુળદેવીનાં સ્થાનકે જ કરવામાં આવે છે.*
*૬ : બાલ મુવારા ઉતાર્યા પૂર્વે બીજા નૈવેદ્ય મુજબ જ માતાજીનાં નૈવેદ્ય કરવા.*

***છત્રાળા પરિવારના નૈવેદની ટૂંકી માહિતી આપેલ છે. પરિવારના ઈતિહાસ વિશે હાલમાં સંશોધન ચાલુ છે. જે પૂર્ણ થયે પ્રસિધ્ધ કરીશું.***

## પ્રીતિભાવ

હલ્લો! પહેલા તો હું હરીલાલભાઈ લખમશી વીસા પરમાર - અંજારની પ્રેરણા અને 'જ્ઞાતિસેતુ'ના કાર્યકરો તેમજ અમદાવાદ જ્ઞાતિ સમાજ કારોબારીનો આભાર માનું છું કે વેકેશન દરમિયાન બાળકોને ઉત્સાહિત કરવા માટે આવી સ્પર્ધા યોજી છે. હા, તો ફરી ફરીને આભાર.

આ સ્પર્ધામાં મારી દીકરી, જે ૧૪ વર્ષની છે અને એ ધોરણ-૯ માં સેન્ટ ઝેવિયર્સમાં અભ્યાસ કરે છે. તેને ડ્રોઈંગ, ડાન્સીંગ અને હાઉસહોલ્ડ વર્કનો શોખ છે. તેને પોતાનો શોખ પૂરો કરવા માટે આપે યોજેલી સ્પર્ધામાં વિભાગ 'બી'માં પતંગોત્સવનું ડ્રોઈંગ બનાવીને તમારી સમક્ષ એની નાનકડી કળા મૂકવાનો પ્રયાસ કર્યો છે. તો મારી નમ્ર વિનંતી કે આમાં એને તમે ચોક્કસ ઉત્સાહિત કરશો એવી આશા સાથે

***લીપ્સાની મમ્મી જ્યોતિ આર. કટ્ટા***

***માનનીય સંપાદકશ્રી,***

'જ્ઞાતિસેતુ'ના દરેક અંક ખૂબ જ સરસ અને જાણવા જેવા હોય છે. જ્ઞાતિસેતુ દ્વારા એકબીજાના વિચારોની આપલે થાય છે. દિવસે દિવસે જ્ઞાતિસેતુની પ્રગતિ થાય તેવી શુભેચ્છા. અતુલ સોનીને હાર્દિક અભિનંદન.

***પ્રકાશભાઈ પોમલ - અંજાર***

'જ્ઞાતિસેતુ' એક ખૂબ સરસ મુખપત્ર છે જે ઘેરબેઠા ગંગા જેવું લાગે છે. જ્ઞાતિસેતુમાંથી જાણવા મળે છે કે આપણી જ્ઞાતિમાં આટલા સારા સારા કલાકારો છુપાયેલા છે. બાળકોથી કરીને વડીલ વૃધ્ધો સુધી આ બધા સેતુમાં જાણવા મળે છે. ભણતરની સાતે સાથે અન્ય પ્રવૃત્તિ પ્રત્યે પણ વધારેને વધારે આગળ વધતા રહે છે. ગત પેઢીના સન્માનીય વ્યક્તિઓનો પરિચય થાય છે. સમૂહ લગ્ન વિશે ચાંલ્લામાં, ગીફ્ટમાં શું આપવું એ વિશે કુ. એકતા કટ્ટાનો લેખ ખૂબ ગમ્યો. જેમાં ઘણું બધું કહી જાય છે (થોડામાં ઘણું) કુ. એકતાને ધન્યવાદ. ફરીને આવા ઉપયોગી લેખ મળે. ભાવતા ભોજન વાંચીને ઝટ વાનગી બનાવવાનું મન થાય. એ માટે સુધા બુધ્ધભટ્ટીને અભિનંદન. દરેક લેખ રસપ્રદ રહ્યા હતા. આવતા અંકમાં વધ વિગતો મળે એ સાથે વડીલો તથા જ્ઞાતિજનોને અભિનંદન.

***રીટા જે. બુધ્ધભટ્ટી - ભુજ***

'જ્ઞાતિસેતુ' આપણા સમાજનું દર્પણ છે. સમાજનો યુવાવર્ગ કેટલો પ્રગતિશીલ છે અને વડીલવર્ગ કેટલો સુઝબુઝવાળો છે તેની 'સેતુ' દ્વારા ખરી પ્રતીતિ થતાં હર્ષ અને ગૌરવનો અનુભવ થાય છે.

***ડૉ. મૃદુલા ચંદ્રકાંત પરમાર - વડોદરા***

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓ




**યશ્વી કમલેશ પોમલ**
ભુજ
જુનીયર કે.જી. : ૯૬.૫%




**મૈયા ધર્મેશ જયેશભાઈ**
ભુજ
ધોરણ-૧ : ૯૩.૨૫%



**શાલીન જયમીન સોની**
અમદાવાદ
ધોરણ-૩ : ૯૭.૮૮%



**રૂષભ શાંતિલાલ કટ્ટા**
અંજાર
ધોરણ-૩ : ૯૧.૮૩%



**યશ શરદ બારમેડા**
ભુજ
ધોરણ-૪ : ૯૭.૩૩%



**હેન્સી મનસુખલાલ બુધ્ધભટ્ટી**
ભુજ
ધોરણ-૮ : ૭૪.૮%



**આનંદ જયેન્દ્ર કોટડીયા**
S.S.C. : ૬૨.૪૬%




**અંકિત નરેશભાઈ કોટડીયા**
S.S.C. : ૬૨.૧૪%



**પૂર્વી પરેશકુમાર કંસારા**
દિલ્હી
S.S.C. (Central Board) : ૮૬.૦%




**રીનુ જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી**
ભુજ
H.S.C. (Sc.) : ૮૨.૪૦%



**રીનુ જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી**
ભુજ
H.S.C. (Sc.) : ૮૨.૪૦%



**માનસી શાંતિલાલ કટ્ટા**
H.S.C. (Com.) (Eng.) : ૭૮.૭૧%



**સુનીલ બાબુભાઈ સોની**
S.Y.B.Sc. : ૫૨.૧૫%



**રાહુલ બાબુભાઈ સોની**
M.Com. Part-2 : ૫૧.૩%



**દુલારી જગદીશભાઈ બુધ્ધભટ્ટી**
ભુજ
B.Tech. (Comp.) 8Th Sem. : ૭/૧૦

- **કુનાલી પ્રકાશભાઈ પોમલ અંજાર ધો.-૧ ૮૫%**
- **હીનલ પ્રકાશભાઈ પોમલ અંજાર ધો.-૩ ૮૭%**
- **રોહન મહેન્દ્રભાઈ છત્રાળા અંજાર ધો.-૪ ૮૬.૬૧%**



**મૃદુલ મનીષકુમાર કંસારા**
(દિલ્હી) ધોરણ-૫ : ૮૬%

- **નિખિલ નરોત્તમભાઈ પોમલ કોઠારા ધો.-૮ ૬૫.૮%**
- **શિવાંગી મહેન્દ્રભાઈ સોની અંજાર ધો.-૯ ૭૬.૬%**
- **કૃતિ નિકીતકુમાર કંસારા દિલ્હી ધો.-૧૨ ૮૬.૦%**

## જરા હસો

એક ભાઈએ હોટલમાં રૂમ બુક કરાવ્યો. સવાર પડતા ચાવી મેનેજરને આપી.

મેનેજર : કેવી લાગી, અમારા હોટલની સુવિધા?

ભાઈ : બહુ જ સરસ. મચ્છર એટલા બધા હતા કે મને ઉપાડી જવાની કોશિશ કરતા હતા.

મેનેજર : પછી શું થયું?

ભાઈ : સારૂં થયું કે નીચે માંકડ પણ એટલા બધા હતા કે મને પકડી રાખ્યો હતો.

સાહેબ વર્ગમાં ટીપુ સુલતાન વિશે પાઠ સમજાવવાના હતા. સાહેબે એક વિદ્યાર્થીને પાણીનો ગ્લાસ લાવવા કહ્યું. વિદ્યાર્થી ગ્લાસ લઈ આવ્યો. સાહેબે ગ્લાસમાં આંગળી બોળીને વિદ્યાર્થીઓ સામે રાખીને કહ્યું કે આ શું છે? પાણીનું ટીપુ પડતું હતું.

વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો : ટીપુ.

સાહેબ : 'સુલતાન' વિશે કાલે સમજાવીશ.

*રીનુ જે. બુધ્ધભટ્ટી - ભુજ*

# કાવ્યો

## આવો સખી

ક્ષિતિજની ડાળે
પળોને હીંચકે
જીવન ઝુલાવીએ
તમે આભની અટારી
હું સમંદર તટ
કહો ક્યાં છે મિલનઘટ
મૃગજળનો હીંચકો
આવન જાવન
પળેપળ સ્મરતી મહેક
આભ અટારીએ તમારી ચહેક
અને
સમંદર તટે એની મહેંક
આવો સખી
પળોના હીંચકે
ક્ષિતિજની ડાળે
જીવન ઝુલાવીએ!.....

**હરીલાલભાઈ લખમશી વીસા પરમાર - અંજાર**

## પૈસાનું ગ્રુપ તપાસ્યું છે?

જીંદગીનું પહેલું કપડું જેનું નામ ઝભલું
જેમાં ખિસ્સું ન હોય
ને જીંદગીનું છેલ્લું કપડું કફન
એમાંય ખિસ્સું ન હોય.
તો વચગાળાના ખિસ્સા માટે આટલી ઉપાધિ શા માટે?
આટલી દોડધામ શા માટે?
આટલા દગા અને પ્રપંચ શા માટે?
લોહી લેતા ગ્રુપ ચેક કરાય છે,
પૈસા લેતા જરાક ચેક કરજો એ કયા ગ્રુપનો છે?
ન્યાયનો છે? હાયનો છે? કે હરામનો છે?
અને ખોટા ગ્રુપના પૈસા ઘરમાં આવી જવાથી જ
આજે ઘરઘરમાં અશાંતિ, કલેશ, કંકાસ થાય છે
હરામનો અને હાયનો પૈસો,
જીમખાના, દવાખાના કે ક્લબો અને બારમાં જ
પૂરા થઈ જશે
અને તનેય પૂરો કરી જશે
બેંક બેલેન્સ તો વધે પણ જો ફેમિલી બેલેન્સ ઓછું થાય
તો સમજવું કે પૈસો આપણને સુટ નથી થતો.

**રીટા જે. બુધ્ધભટ્ટી - ભુજ**

## એના ગયા પછી

દિવસો હણાઈ જાય છે એના ગયા પછી,
ને રાત લાંબી થાય છે એના ગયા પછી.

શબ્દોને શું કરૂં ફના થઈ જવાનો દેહ?
આંખો દ્રવી પડે છે હવે એના ગયા પછી.

ઝંખના હતી વરસોથી ફળી નહીં કદી,
ફળવાના સ્વપ્ન તૂટી ગયા એના ગયા પછી.

કોરાણે મૂકું આંસુને એ શક્ય છે નહીં,
આંસુ ખરે છે આંખની એના ગયા પછી.

એ આવશે એ ધારવું ખોટું પડ્યું અતીત,
એ આવવાના પણ નથી એના ગયા પછી.

**નિમિષા દિલીપકુમાર કટ્ટા - આદિપુર**

## તમે મને ગમો છો

સાચું કહું છું દિલથી હું
તમે મને બહુ ગમો છો.
તમને જોયા છે મેં જ્યારથી,
તમે મારા મનમાં રમો છો ત્યારથી.
ખુશ થાઉં છું હું જ્યારે તમને જોઉં છું
ફુલની જેમ સુંદર હસો છો તમે
પ્રેમ કર્યો છે જ્યારથી મેં
તમે જ મારા દિલમાં વસો છો.
ઘર અને બજારમાં ફરો છો તમે,
તમે મારા સ્વપ્નમાં વારંવાર ફરો છો.
નજર ઉઠાવી જુઓ છો જ્યારે,
દિલને મારા ઘાયલ કરો છો.
દેખાવે લાગો છો શાંત તમો,
પણ વાતો સરસ મનની કરો છો.
આથી દો જવાબ 'ઉદય'ને હવે તમે મને
મળવાનો વિચાર ક્યારે કરો છો?

**ઉદય આર. કંસારા - મણિનગર, નખત્રાણા**

પ્રેમ જો દિલનો દિલથી હોય
સંબંધના નામની જરૂર નથી.
ચાલ, આ વાત સ્વીકારીએ હવે
ખાલી ખોટા દંભની જરૂર નથી.
છે અગર લાગણી સાચી જ જો,
તો તેના પ્રદર્શનની જરૂર નથી.

**સરોજ હિતેન સોલંકી**

## શ્રી હંસરાજ કંસારાને 'કચ્છ શક્તિ' એવોર્ડ

છેલ્લા ૨૬ વરસોથી મુંબઈ સ્થિત કચ્છ શક્તિ પ્રકાશન સંસ્થા દ્વારા દર વર્ષે કચ્છના પ્રતિભાસંપન્ન અને સન્માનિત મહાનુભાવો કે જેમનું વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન હોય તેમને 'કચ્છ શક્તિ' એવોર્ડ આપવામાં આવે છે. મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજનું ગૌરવ એ છે કે આ વર્ષે આ કચ્છશક્તિ એવોર્ડ અમદાવાદ સ્થિત શ્રી હંસરાજ કંસારાને આપવાનું જાહેર કરવામાં આવેલ છે.

શ્રી હંસરાજભાઈ કંસારા 'જ્ઞાતિસેતુ'ના સંસ્થાપક મુખ્યતંત્રી છે. છેલ્લા ચાલીસ વર્ષથી તેમની કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયમાં શીતળા નિવારણ, અંધત્વ નિવારણ, મેલેરીયા નિવારણ જેવી સ્વાસ્થ્ય શિક્ષણ ક્ષેત્રની નોંધપાત્ર સેવા બદલ શ્રી 'કચ્છ શક્તિ' એવોર્ડ આપવામાં આવેલ છે. વર્ષ ૧૯૯૧માં નિવૃત્તિ બાદ દસ વર્ષ તેઓ આંતરરાષ્ટ્રીય સંસ્થા (ડેનીડા) સાથે સ્વાસ્થ્ય શિક્ષણ સલાહકાર તરીકે સંકળાયેલ હતા. આથી અગાઉ આ એવોર્ડ આપણી જ્ઞાતિના વિશ્વવિખ્યાત તસવીરકાર એલ. એમ. પોમલ તથા ગુજરાતની પ્રથમ મહિલા પાઈલોટ સુશ્રી ચંદુબેન બુધ્ધભટ્ટીને આપવામાં આવેલ છે.

શ્રી હંસરાજ કંસારાને આ સન્માન બદલ અમદાવાદ જ્ઞાતિ અને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન.

*તુલસીદાસ કંસારા - અમદાવાદ*

## "જ્ઞાતિ-સેતુ" પરિવારમાં નવા જોડાયેલા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | બુધ્ધિલાલ એલ. કટ્ટા | ભુજ |
| ૨. | નંદલાલ કે. બુધ્ધ | મુંબઈ |
| ૩. | પ્રવીણચંદ્ર અમરીષભાઈ પોમલ | નાસીક |
| ૪. | સુનીલ એસ. બીજલાની | વડોદરા |
| ૫. | સુરેન્દ્રભાઈ કે. સોની | અમદાવાદ |
| ૬. | નરેશ મગનલાલ પોમલ | રાયપુર |
| ૭. | જયસુખ છગનલાલ પોમલ | રાયપુર |
| ૮. | અનિલ મગનલાલ સોની | ભુજ |
| ૯. | વસંતલાલ શંકરલાલ સોની | દેવપર |
| ૧૦. | વિનોદભાઈ મુળજીભાઈ સોની | રવાપર |
| ૧૧. | રાજેશકુમાર મનહરલાલ સોની | માધાપર |
| ૧૨. | શિવલાલ એચ. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૩. | હિંમતલાલ મનજીભાઈ સોની | ગઢશીશા |

## 'જ્ઞાતિ સેતુ' લવાજમ અંગે....

*આથી 'જ્ઞાતિ સેતુ'ના સર્વે માનવંતા સભ્યોને વિનંતી કે આપનું લવાજમનું વર્ષ પૂરું થઈ ગયું હોય તો તે રીન્યુ કરાવી લેવા વિનંતી છે. હવેથી નાણાંકીય વર્ષ મુજબ લવાજમ લેવાનું હોવાથી માર્ચ-૨૦૦૭ સુધીના લવાજમની રકમ 'જ્ઞાતિસેતુ' કાર્યાલય અથવા આપના નજીકના 'સેતુ'ના માનદ્ પ્રતિનિધિઓને મોકલાવી આપવા વિનંતી છે. વિશેષ માહિતી માટે સંપર્ક:*

| | | |
|---|---|---|
| શૈલેષ કંસારા | ભુજ | ૯૮૨૪૦ ૩૩૪૪૦ |
| કમલેશ પોમલ | ભુજ | ૯૮૭૯૩ ૬૦૨૦૫ |
| લક્ષ્મીદાસ પી. સાકરીયા | ભુજ | ૯૪૨૭૪ ૫૮૭૦૭ |
| પ્રકાશ પી. સોની | નખત્રાણા | ૯૮૭૯૨ ૭૯૩૨૫ |
| હેમેન્દ્ર કંસારા | અંજાર | ૯૮૭૯૧ ૯૪૩૩૪ |
| પ્રકાશ સોની | રાયપુર | ૦૭૭૧-૨૫૫૫૬૬૯ |
| જયમીન જે. સોની | અમદાવાદ | ૯૮૨૪૫ ૪૬૬૫૦ |
| સુરેશભાઈ સોલંકી | માંડવી | ૯૮૭૯૨ ૧૬૧૪૦ |
| હિતેશ સોની | માધાપર | ૯૪૨૭૪ ૪૩૮૭૪ |
| હીરાલાલ નાનાલાલ બારમેડા | ગાંધીધામ | ૯૮૨૫૯૯૨૯૯૮ |

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00